સુવિચાર

કાયમ સાચું જ બોલવું સામે વાળાને કદાચ નહી ગમે, પણ ઉપરવાળાને જરૂર ગમશે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૬/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ
PENDAWALA
પંજાબી સમોસા
સેન્ડવીચ ઢોકળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ વદ-૭ વર્ષ : ૧૬ અંક : ૧૬૦


## ઠેક ઠેકાણે ગંદકી, જાહેર શૌચાલયની નર્કાગારની સ્થિતિ, ગોઠણડૂબ પાણી ભરાયા

# અમરેલીમાં વરસાદ પડતા પ્રિ-મોન્સુનની પોલ ખુલી

શહેરીજનોને વરસાદી માહોલનો આનંદ માણવો હોય પણ ઘરની બહાર નીકળવુ મુશ્કેલ

ચોમાસાનાં માહોલમાં રીમઝીમ વરસાદથી અનેરો માહોલ સર્જાતો હોય શહેરીજનો આનંદથી વંચિત

માર્ગમાં ગાબડા, બેફામ ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ જેવી અનેક સમસ્યાઓ સર્જાઈ રહી છે

શહેરમાં ઠેક ઠેકાણે બિસ્માર ઈમારતો પડવાનાં વાંકે ઉભી હોય નજીકથી પસાર થવું મુશ્કેલ








અમરેલી, તા. ૧૭

અમરેલી છેલ્લા ૨૪ કલાકમાં ૭ થી ૮ ઈંચ જેટલો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને આજે સામાન્ય વરસાદ અને ઘટાટોપ વાતાવરણથી સૌ કોઈ ખૂશીનો અનુભવ કરી રહ્યા છે. કોઈ હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો છે. પરંતુ દુઃખની બાબત એ છે કે શહેરમાં ઠેકઠેકાણે પાણીનો ભરાવો, બિસ્માર માર્ગો, જર્જરિત ઈમારતો, જાહેર શૌચાલય સહિત જાહેર માર્ગ ઉપર બેફામ ગંદકી હોવાથી શહેરીજનો આહલાદક વાતાવરણનો આનંદ માણવા ઘરની બહાર નીકળી શકતા નથી.

ચોમાસા અગાઉ સરકાર ધ્વારા પાલિકાને પ્રિ-મોન્સુન કામગીરી માટે દર વર્ષે લાખો રૂપિયાની સહાય કરી રહી છે અને પાલિકા ધ્વારા શહેરની જર્જરિત ઈમારતો હટાવી લેવાની તાકીદ દર વર્ષે કરવામાં આવે છે પરંતુ કોઈ મિલ્કતધારક પાલિકાની ચેતવણીને ગંભીરતાથી લેતો નથી.

શહેરમાં વરસાદ પડે એટલે રાબેતા મુજબ વીજ પુરવઠો ખોરવાઈ જાય, વરસાદી પાણીનો ભરાવો થાય, બિસ્માર માર્ગો વધુ બિસ્માર બને, રખડતા પશુઓની સમસ્યા ઉભી થાય અને શહેરીજનો કુદરતે નિર્માણ કરેલ આહલાદક વાતાવરણનો લ્હાવો લઈ શકતા નથી અને ખુશનુમાં વાતાવરણમાં ઘરમાં જ સલામતી અનુભવી રહ્યા છે.

### જનપ્રતિનિધિઓ દરમિયાનગીરી કરે

## અમરેલીમાં હોસ્પિટલથી ધમધમતા માણેકપરા, સુખનાથપરામાં વીજ ધાંધિયા

### સંજયભાઈ રામાણીએ વીજ પુરવઠો નિયમિત કરવા માંગ કરી

અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરની સમસ્યા દુર કરે તેવી લોકમાંગ ઉભી થઈ છે. હકીકત એવા પ્રકારની છે કે રોજ રાત્રે અમરેલીના હાર્દસમા સુખનાથપરા અને માણેકપરા વિસ્તારનો વીજ પુરવઠો અચાનક બંધ કરવાનો સીલસીલો શરૂ થયો છે. જેનાથી સ્થાનિક લોકો રોષે ભરાયા છે. આ વિસ્તારમાં અનેક હોસ્પિટલો આવેલી છે. જિલ્લામાંથી અનેક દર્દીઓ સારવાર અર્થે આવતા હોઈ વીજ પુરવઠાના અભાવે અનેક દર્દીઓ અને ડોકટરો ત્રાહિમામ પુકારી ઉઠયા છે.

અમરેલી તબીબી આલમે પણ અનેક વખત રજુઆત કરવા છતાં પરિણામ શુન્ય છે. ચોમાસાની સીઝન છે. તેવા સમયે વીજ પુરવઠો બંધ કરવામાં આવતા લોકો મુશ્કેલી ભોગવી રહેલ છે. સુખનાથપરા, માણેકપરામાં વીજ પુરવઠો સત્વરે શરૂ કરવા માટે ધ્યાન આપવામાં આવે તેવી માંગણી આ વિસ્તારના રહીશો વતી સંજય (ચંદુ) રામાણી તરફથી કરવામાં આવી છે. અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### એક બાઈક સહિત ૩ વ્યકિતઓ પસાર થતા હોય

## બાબરાનાં નાની કુંડળ અને લિંબડીયા ગામ વચ્ચે એક કાર પાણીમાં ફસાઈ

### ૧૦૮ની ટીમ અને પોલીસે તમામને બચાવ્યા




અમરેલી, તા. ૧૭

બાબરાનાં નાની કુંડળ અને લિંબડીયા ગામ વચ્ચે આવેલ એક પુલ ઉપર પાણી વહેતુ હોય જેમાં વચ્ચેથી એક બાળક સહિતની ૩ વ્યકિતઓ કારમાં પસાર થતાં અકસ્માતની ભીતીથી ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની ટીમ સાથે પોલીસે મળને તમામને બચાવી લીધા હતા.

### લાઠીમાં ૨૪, લીલીયામાં ૨૦, અમરેલીમાં ૬ મી.મી. વરસાદ નોંધાયો

## અમરેલી જિલ્લામાં લાઠી અને લીલીયા પંથકને બાદ કરતાં સામાન્ય વરસાદ નોંધાયો

### જો કે દિવસ દરમિયાન વરસાદી માહોલ સતત રહ્યો




અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં ગઈકાલે પડેલા ભારે વરસાદ બાદ આજે બીજા દિવસે કેટલાંક વિસ્તારોને બાદ કરતાં આજે વિરામ લીધો હતો. જો કે જિલ્લાના બાબરા, અમરેલી અને બગસરામાં હળવા ઝાપટાં તથા લાઠી તથા લીલીયામાં એક ઈંચ જેટલો દિવસ દરમિયાન વરસાદ નોંધાયો હતો.

અમરેલી જિલ્લામાં આજે દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવા પામ્યું હતું અને હજુ જો એકાદ દિવસ ખરાડ નીકળે તો જગતાત વાવણી કરવાની તૈયારીમાં છે.

સામાન્ય રીતે સૌરાષ્ટ્ર, ગુજરાતમાં ૨૦ જુન આસપાસ ચોમાસાની શરૂઆત થાય છે. ત્યારે આ સાલ પણ સમયસર વરસાદ પડતા ખેડુતો વાવણી કરવા તત્પર છે.


**અનુસંધાન પાના ૬ ઉપર**



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### વર્ષો જુની સમસ્યાનુ નિરાકરણ થતુ નથી

# રાજુલાનાં વીકટરનાં લેબર કવાર્ટરમાં વરસાદી પાણી રહેણાંક મકાનમાં ઘુસ્યા

### જાગૃત નાગરિક અજય શિયાળની રજુઆત


તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૭

રાજુલા તાલુકા વીકટર ગામે લેબર કવાર્ટર વિસ્તારમાં ૧૬ જુને અતિભારે વરસાદનાં કારણે રહેણાંક મકાનમાં ૪–૫ ફૂટ ગળા સુધી પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે લોકોની ઘરવખરી પાણી ડૂબી ગઈ હતી તેમજ લોકોને સ્થળાંતર કરી અન્ય જગ્યાએ પણ જવાની ફરજ પડી હતી. આ વિસ્તારમાં વર્ષોથી અતિભારે વરસાદ અને દરિયાઈ ભરતી સમયે રહેણાંક મકાનમાં પાણી ઘુસી જાય છે. આ અંગે સરકારમાં અગાઉ પણ રજુઆત કરવામાં આવેલ છે.

યુવા આગેવાન અજય શિયાળ મુખ્યમંત્રીને રજુઆત કરી હતી કે રાજુલા તાલુકાનાં વિકટર ગામે લેબર કવાર્ટર વિસ્તારમાં વરસાદી પાણી રહેણાંક વિસ્તારમાં ઘૂસી જતાં થયેલ નુકસાન અંગે તાત્કાલિક સર્વે કરી ઘરવખરી નુકસાની સહાય નિયમો મુજબ ચુકવવામાં આવે તથા વિસ્તારમાં વરસાદી પાણી ન ભરાઈ તે માટે પુર સંરક્ષણ દિવાલ બનાવવામાં આવે અને વરસાદી પાણીનાં નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી મારી માંગ કરી હતી.

### ડુંગરના પથ્થર તૂટતા હોય ચિંતા

# કોટડાપીઠા નજીકનાં ફોરલેન હાઈવે ઉપર અકસ્માતનો સતત ભય

### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ યોગ્ય કરે


તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૧૭

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે રાજકોટ ભાવનગર ફોરલેન રોડ પસાર થાય છે. તેમાં કોટડાપીઠાથી ભાવનગર અમરેલી તરફ જતા ખોડિયાર મંદિરની આજુબાજુમાં જે રોડ પસાર થાય છે તેમાં પથ્થરો કાપીને રોડ બનેલ છે. પરંતુ ચોમાસામાં માટી પીગળવાથી મોટા–મોટા પથ્થરો છુટા પડી રોડ પર પડે છે. ત્યારે આ રોડ ચોવીસ કલાક ટ્રાફિકથી ધમધમતો રહે છે. તો અકસ્માતે કોઈ મોટા પથ્થરો રોડ પર પડે અને કોઈ ગંભીર અકસ્માતમાં મનદાની થાય તે પહેલા અવધીત ખાતાએ સત્વરે રેલીંગ બનાવી અને મોટા પથ્થરો રોડ પર ન આવે તે માટે તાત્કાલીક કાર્યવાહી કરવા લોકો માંગણી છે.

### ખેડુતે આધુનિક ખેતી તરફ પ્રયાણ કર્યુ

# મહુવાનાં કંટાસર ગામનાં ખેડુતે ૧૦ વીઘા જમીનમાં ડ્રેગન ફ્રુટનુ કર્યુ વાવેતર

### દરેક ખેડુત પ્રગતિશીલ બને તો બેડો પાર



અમરેલી, તા. ૧૭

ગુજરાત રાજયમાં છેલ્લા કેટલાક વર્ષોથી ખેતીના ક્ષેત્રમાં અલગ અલગ નવીનતા અપનાવવાની અને તે દિશામાં ઘણા આગવા પ્રયત્નો કર્યા છે. ખાસ કરીને નવીન પાકો અને નવી પદ્ધતિઓ અપનાવવાના ઉદાહરણો દ્વારા રાજયના અનેક ખેડૂતો દેશ–વિદેશમાં ચર્ચાના કેન્દ્ર બન્યા છે. આવું જ એક પ્રેરણાદાયક ઉદાહરણ છે. મહુવા તાલુકાના કંટાસર ગામે રહેતા ખેડૂત જગદીશભાઈ દેસાઈ. જેઓએ પોતાની ખેતીની પદ્ધતિમાં એવું અનોખું પરિવર્તન કર્યુ છે કે, સમગ્ર ગુજરાતના ખેડૂતોમાં નવા ઉત્સાહનો સંચાર થયો છે.

જગદીશભાઈ દેસાઈ પાસે કુલ ૪૦ વીઘા ખેતીની જમીન છે. તેમાંથી તેઓએ ૧૦ વીઘા જમીનમાં ડ્રેગન ફ્રૂટનું વાવેતર શરૂ કર્યુ હતું. શરૂઆતમાં તો તેમને માત્ર ડ્રેગન ફ્રૂટમાંથી સારૂ ઉત્પાદન મળશે એવી આશા હતી, પણ આજે તે આશા સફળતામાં પરિવર્તિત થઈ ગઈ છે. તેમના જણાવ્યા અનુસાર, એક વીઘા જમીનમાંથી તેમને દોઢ થી બે લાખ રૂપિયું ઉત્પાદન મળી રહ્યું છે. ૧૦ વીઘામાંથી તેઓ દર વર્ષે ૧૫થી ૧૯ લાખ રૂપિયા સુધીનું ઉત્પાદન મેળવી રહ્યા છે. જે તે ખેતી ક્ષેત્ર માટે એક દ્રષ્ટાંતરૂપ સફળતા ગણાય.

ડ્રેગન ફ્રૂટના પાકમાં એક અનોખો અને વિજ્ઞાન સર્જિત પ્રયત્ન કર્યો છે. એલ.ઈ.ડી. લાઈટિંગ સિસ્ટમ સોશિયલ મીડિયામાં વિદેશી ખેડૂતોનો એક વિડિયો જોયા પછી તેમણે વિચાર્યુ કે, ગુજરાતમાં પણ આવી જ પદ્ધતિ અપનાવી શકાય. આથી તેમણે બે લાખથી વધુનો ખર્ચ કરીને પોતાની ૧૦ વીઘાની વાડીમાં રાત્રે લાઈટ ચાલુ રાખવા માટે એલઈડી લાઈટ લગાવી. આ લાઈટિંગનો મુખ્ય ઉદ્દેશ પાકના ફોટો સિંથેસિસના સમયગાળાને વધારવાનો હતો. જેથી છોડ પહેલા ફળ આપે. પરિણામે, ફળોનું ઉત્પાદન તાળમેલથી વહેલું થાય છે. અને તે વખતે માર્કેટમાં ફળોની ઓછી સપ્લાય હોવાને કારણે તેઓના ફળોના ભાવ વધારે મળે છે. લાઈટિંગ સિસ્ટમના કારણે તેઓને રૂપિયા ૨૦૦ પ્રતિ કિલોની ઉંચી કિંમતે વેચાણ કરવાની તક મળી છે. જે સામાન્ય રીતે મોસમ દરમિયાન મળતી નથી.

ડ્રેગન ફ્રૂટના વાવેતર સાથે તેઓએ મિશ્ર ખેતી પણ કરી છે. આ પદ્ધતિ હેઠળ તેઓએ હળદર, જામફળ, સીતાફળ અને લીંબુ જેવી બીજી ખેતી પણ કરી છે. આ પાકોથી પણ તેમણે ત્રણ લાખથી વધુનું ઉત્પાદન મેળવ્યું છે. આ મિશ્ર પદ્ધતિથી જમીન ફળદ્રુપતા જળવાઈ રહે છે. રોગપ્રતિકારક શક્તિ વધે છે અને ખેતી વધુ લાંબા ગાળે ફળદાયી બને છે.

જગદીશભાઈ દેસાઈની એક વિશેષતા એ છે કે, તેઓ પ્રાકૃતિક ખેતી કરે છે. કોઈ પણ રાસાયણિક ખાતર કે જીવાંશનાશકોનો ઉપયોગ કર્યા વગર તેઓ જમીનનું સ્વાસ્થ્ય જાળવી રાખે છે. અને શાકભાજી તથા ફળોમાં પોષકતત્વોની સમૃદ્ધિ જાળવી રાખે છે. આ રીતે તેઓ માત્ર આર્થિક રીતે નહીં પણ પર્યાવરણની દષ્ટિએ પણ ભવિષ્યની પેઢી માટે ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે છે.

જગદીશભાઈનું કાર્ય ગુજરાતના અને સમગ્ર ભારતના ખેડૂતો માટે એક દ્રષ્ટાંતરૂપ છે. તેઓએ સાબિત કર્યુ છે કે ટેકનોલોજી અને પરંપરાગત ખેતી પદ્ધતિ વચ્ચે સંતુલન જાળવીને પણ સફળતા પ્રાપ્ત કરી શકાય છે. ખાસ કરીને એવો પાક, જેનો ખર્ચ વધુ હોય, એમાં યોગ્ય આયોજન અને દષ્ટિકોણ હોવો જરૂરી છે. અને તેમના જુસ્સાથી પ્રેરાઈને આજુબાજુના ગામના અનેક ખેડૂતોએ પણ ડ્રેગન ફ્રૂટના વાવેતર અને લાઈટિંગ ટેકનિકમાં રૂચિ દાખવી છે. આજે ગુજરાતના અનેક જીલ્લાઓમાં આ ઉદાહરણને અનુસરીને ખેડૂતો અજમાવવાની તૈયારીમાં છે.

ડ્રેગન ફ્રૂટના વાવેતર અને લાઈટિંગ ટેકનિકની નવીનતા દ્વારા જગદીશભાઈ દેસાઈએ માત્ર પોતાની નહીં પરંતુ સમગ્ર વિસ્તારમાં ખેતીની દિશા બદલાવી છે. નવીન વિચારો, ખંત, અને ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરીને ખેડૂત કેવી રીતે સફળતાના શિખરે પહોંચી શકે તેનો જીવંત દાખલો છે. તેમનો પ્રયાસ ગુજરાત માટે તેઓ એક અનોખા કૃષિ વિઝનરી છે. જેમણે ''ખેતી ફક્ત પરંપરા નથી, તેમાં નવિનતા હોવી જોઈએ'' એ વાતને સાબિત કરી છે. આવી સફળતાઓ દેશના કૃષિ ક્ષેત્રમાં નવી આશાઓ જગાવે છે. અને યુવા ખેડૂત પેઢીને ખેતી તરફ આકર્ષે છે. જે ખેતી માટેનો સાચો ક્રાંતિનો માર્ગ બની શકે છે.

### મેઘરાજા શાસકોનાં વિકાસનાં દાવાની ખોલે છે પોલ

# દામનગરમાં સામાન્ય વરસાદથી જાહેર માર્ગો ઉપર પાણીનો ભરાવો અને ઠેરઠેર ગાબડા

### નવા બનેલ આરસીસી માર્ગમાં પણ ગાબડા પડી ગયા



દામનગર, તા. ૧૭

દાનગરમાં પડેલ સામાન્ય વરસાદે પાલિકા અને માર્ગ–મકાન વિભાગનાં વિકાસનાં દાવાની પોલી ખોલી નાખી છે.

દામનગર શહેરમાં સરદાર ચોકથી લઈ બસ ડેપો સુધી આરસીસી રોડમાં અકસ્માત નોતરે એવા ખાડાઓ શહેરના આંતરિક રસ્તાઓનુ યોગ્ય સમયે રીપેરીંગ નહી ખાડામાં વારંવાર માટી પુરી સંતોષ માનતુ તંત્ર હાડકા તોડ રસ્તા રીપેરીંગ કરે શહેરના સરદાર ચોક વરસાદી પાણીથી બેટમાં ફેરવાય જયારે પાણી ભરેલુ હોય ત્યારે ખાડા સ્પષ્ટ દેખાઈ નહી તેથી ભારે અકસ્માતની સંભાવના છે આરસીસી રોડ બન્યાને જાજે સમય પણ નથી થયો ત્યાં આરસીસી રોડમાં ઠેરઠેર મોટા ખાડાઓ કેમ ? શહેરભરનાં આંતરિક રસ્તાઓની આવી હા ત છે. તંત્ર વાહકો સમયોચિત રસ્તા રીપેર કરે તેવી માંગ થઈ રહી છે.

# કડિયાળી ગામે ૪ વર્ષની બાળકીનું ઝેરી સર્પનાં દંશથી મોત નિપજયુ

અમરેલી, તા. ૧૭

રાજુલા તાલુકાના કડીયાળી ગામે રહેતા ભાવેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ નામના ખેડૂતની ૪ વર્ષિય બાળકીને ગત તા. ૧૬નાં રોજ સવારે ૭ વાગ્યે સર્પે (સાપે) જમણા પગે ડંશ મારતા બાળકીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટની ઉમદા કામગીરી

# અમરેલી : વરસાદ પહેલા પક્ષીઓ માટે ૯૦૦ કિલો ચણની વ્યવસ્થા

### હનુમાનગાળા મંદિરે પક્ષીઓ માટે ચણ અર્પણ કરી

અમરેલી, તા.૧૭

અમરેલી ૧૭ જુન ૨૦૨૫ વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ વર્ષ ૨૦૧૪થી સતત ગૌસેવા, બ્લડ હેલ્પલાઈન, કરૂણા અભિયાન, કાઉ હગ દિવસ, ગૌમય દિવાળી તેમજ ઉનાળામાં પક્ષી બચાવ માટે ખાસ ઝુંબેશો ચલાવતું આવ્યું છે. વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન અમરેલી ધ્વારા જીવદયા પ્રેમી દાતાઓના સહયોગથી એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સંસ્થાએ હનુમાન ગાળા મંદિરે ૮૦૦થી ૯૦૦ કિલો ચણા (પક્ષીઓ માટે દાણા) એકત્રિત કરી છે. જે વરસાદની મોસમ શરૂ થાત તે પહેલા પક્ષીઓ માટે ચણની વ્યવસ્થા સુનિશ્ચિત કરશે.



આ પ્રવૃતિ અમરેલીના દાતાઓની ઉદારતા અને જીવદયા પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન આ સરાહનીય કાર્ય માટે તમામ સહયોગી દાતાઓનો આભાર વ્યકત કરે છે. આનાથી સ્થાનિક પક્ષીઓને ચોમાસા દરમિયાન ખોરાકની અછતનો સામનો કરવો પડશે નહી. તેવું સંસ્થાના પ્રમુખ પ્રશાંતભાઈ ચુડાસમાની અખબારીયાદી જણાવે છે.

# અમરેલી શહેરમાં બ્રાહ્મણ સોસાયટીનો માર્ગ બંધ થયો



અમરેલી તા. ૧૭, અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ બ્રાહ્મણ સોસાયટી નજીકના રેલ્વેફાટક પાસે આવેલ યુનિટી હાઈસ્કૂલ પાસે રોડ ઉપર વરસાદી પાણી ભરાતા સોસાયટીમાં જવાનો માર્ગ બંધ થવા પામેલ હતો.

# પિપાવાવ ધામમાં ૨૫ જેટલા શ્રમિકો ફસાયા



અમરેલી, તા. ૧૭

રાજુલા પંથકમાં ભારે વરસાદના કારણે તાલુકાના પીપાવાવ ધામ ગામ ખાતે ૬ ફૂટ જેટલું પાણી ભરાયા જતાં ૨૫ જેટલા મજૂરો ફસાયા જવા પામેલ હતા. જેમાં ૩ જેટલા મજુરો મહામહેનતે બહાર નીકળ્યા હતા. અને અન્ય સ્થાનિક લોકો તથા પોલીસની મદદ લઈ બાદ ૨૨ જેટલા મજુરોના રેસ્કયુ ઓપરેશન કી મજૂરોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

### એવુ ના હોય કે બધા જ કર્મચારીઓ ફરજમાં બેદરકાર હોય

# ભૈ વાહ : દામનગરમાં વરસાદી માહોલમાં વીજ કર્મીઓ બજાવે છે ફરજ

### અમુક કર્મચારીઓ વીજગ્રાહકોને દેવતા માનીને ફરજ બજાવે છે

દામનગર, તા. ૧૭

દામનગર શહેરમાં પી.જી.વી.સી.એલ.ના કર્મચારીઓની વરસાદી માહોલમાં વિજફોલ્ડ હલ કરવાની સારી કામગીરી ચોમાસાની શરૂઆત થઈ ચુકી છે. વીજ અધિકારીઓની સુચના અને ફરિયાદોનો નિકાલ કરવા માટે કર્મચારીઓ સતત પોતાની ફરજ પ્રત્યે સજાગ અને કર્તવ્યનિષ્ઠ રહેતાં હોય છે. કોઈપણ ઋતુ હોય વીજ કામગીરી જડપી અને સંતોષકાર રીતે કરીને ગ્રાહકોમાં અનેરૂ સ્થાન મેળવતાં હોય છે. હાલ ચોમાસાની શરૂઆત થઈ છે અને વીજળીને લગતી ફરિયાદોના આધારે દામનગર પી.જી.વી.સી.એલ. ના કર્મચારીઓ સલામતીના સાધનોનો ઉપયોગ કરીને ફોલ્ડ દુર કરવાની કામગીરીમાં ગઈકાલે વરસાદ શરૂ થતાં



મુખ્ય બજારમાં આવેલ રહેણાંકી વિસ્તારમાં ફોલ્ડને કારણે વીજ પુરવઠો બંધ થતાં ફરિયાદના આધારે લાઈનમેન તરીકે ફરજ બજાવતા ડાંગરભાઈ અને સાથી કર્મચારીઓએ રીપેરીગ કામ કરી પુન વીજ પુરવઠો શરૂ થતાં આ વિસ્તારના માનવંતા ગ્રાહકોએ કર્મચારીઓનો આભાર માનેલ.

# લીલીયા મોટા ખાતે ક્રિષ્ના ક્રેડિટ તરફથી મહિલા કિચન કેનિંગ કલાસનો પ્રારંભ

લીલીયા મોટા, તા. ૧૭

લીલીયા મોટા પટેલ વાડી ખાતે ક્રિષ્ના ક્રેડિટ સોસાયટી દ્વારા ઉત્કર્ષ માટે કિચન કેનીંગ કલાસનું દીપપ્રાગટય કરીને ભાવનાબેન ગોંડલીયાના વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવેલ ત્યારબાદ સંસ્થાના ચેરમેન નીતિનભાઈ ત્રિવેદી દ્વારા આવેલ મહેમાનોનું શબ્દોથી સન્માન કરવામાં આવેલ તેમજ મેનેજર જીતુભાઈ પાઠક દ્વારા કાર્યક્રમની રૂપરેખા જાહેર કરવામાં આવેલ તેમજ મહિલા ડિરેકટરઓ દ્વારા પુષ્પગુચ્છથી તમામ મહેમાનોનું સન્માન કરવામાં આવેલ ત્યારબાદ ભાવનાબેન ગોંડલીયા દ્વારા બહેનો દ્વારા સહકારી કાર્યક્રમની જાણકારી આપેલ તેમજ દરેક બહેનોને સહકાર ક્ષેત્રમાં જોડાવા આહવાન કરેલ ત્યારબાદ અરૂણભાઈ પટેલ દ્વારા કાર્યક્રમને શુભેચ્છા આપેલી જિલ્લા સરકારી વકીલ મમતાબેન ત્રિવેદી દ્વારા મહિલાઓને કાયદાનું માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ ડો. ગોયાણી મેડમ દ્વારા સ્વાસ્થ્ય વિશે ખૂબ જ સરસ માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારી મીનાક્ષીબેન પંડયાએ વિવિધા યોજનાઓની સમજ આપી તેમજ નીનાબેન ગલચર દ્વારા વિવિધ યોજનાઓની વિગતો આપી જિલ્લા મહિલા સહાય કેન્દ્રમાંથી રેશમાબેન





બાજરે સખી વન સ્ટોપ સેન્ટરમાંથી સિવિલ હોસ્પિટલ અમરેલીમાંથી રત્નાબેન ગોસ્વામીએ વિવિધ યોજનાની સમજ આપી તેમજ ૧૮૧ હેલ્પ લાઈનના રીટાબેન પરમાર, મીનાબેન પરમાર વગેરે મહિલા સુરક્ષાની માહિતી આપી આ તકે ક્રેડિટ સોસાયટીના મેનેજર મગનભાઈ વિરાણી જાણીતા ઉદ્યોગપતિ ભીખાભાઈ કોટડીયા પેન્શનર સમાજના ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, કુંભાણી સાહેબ તેમજ એડવોકેટ કિશોરભાઈ પાઠક, ડિરેકટરઓ બટુકભાઈ સોળીયા, હરેશભાઈ ગાંગડીયા, ઘનશ્યામભાઈ ભાલાળા વગેરે હાજર રહેલ આ તકે ૧૫૦ બહેનોએ કિતન કેનિંગ કલાસમાં ભાગ લીધેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મેનેજર જીતેન્દ્રભાઈ પાઠક, ડોકટર ભાવનાબેન કુંભાણી, રૂપાબેન પાઠક, દયાબેન કવા, નીતાબેન વાઘેલા, વિનીતભાઈ વઢ વાણા વગેરે ખુબ જ જહેમત ઉઠાવીને આ કાર્યક્રમને સફળ બનાવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### સૌરાષ્ટ્રમાં મેઘરાજા મહેરબાન

# શેત્રુંજી ડેમ છલોછલ, અમરેલીના ૫ ડેમ પણ ઓવરફ્લો થયા

**સૌથી વધુ ગઢડામાં ૧૪ ઇંચ, પાલીતાણામાં ૧૨ ઇંચ, સિહોરમાં ૧૧.૬ ઇંચ, બોટાદમાં ૧૧ ઇંચ, ઉમરાળામાં ૧૦.૪ ઇંચ, જેસરમાં ૧૧ ઈંચ, મહુવામાં ૯ ઈંચ અને રાજુલામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો છે**

અમદાવાદ,તા.૧૭

છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ઉકળાટ અને બફારા થતાં વરસાદના આગમનની રાહ જોવામાં આવી રહી હતી. ત્યારે ગુજરાતમાં ચોમાસાનું ધમાકેદાર આગમન થયું છે. ગત મોડી રાત્રે ૨થી ૪ વાગ્યા સુધીના બે કલાકમાં બોટાદમાં ૪ ઈંચ નોંધાયો છે, જ્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૧ તાલુકામાં ધોધમાર વરસાદ પડી ચૂક્યો છે. આ પૈકી સૌથી વધુ ગઢડામાં ૧૪ ઈંચ, પાલીતાણામાં ૧૨ ઈંચ, સિહોરમાં ૧૧.૬ ઈંચ, બોટાદમાં ૧૧ ઈંચ, ઉમરાળામાં ૧૦.૪ ઈંચ, જેસરમાં ૧૧ ઈંચ, મહુવામાં ૯ ઈંચ અને રાજુલામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો છે.

સૌરાષ્ટ્ર પંથકમાં ભારે વરસાદના પગલે ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ આજે (૧૭ જૂન) બપોરે ૧ કલાકે ૧૦૦% ભરાઈ ગયો હતો. શેત્રુંજી ડેમ ૧૦૦% ભરાતા પાલીતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાંને એલર્ટ કરવામાં આવ્યા હતા. તો બીજી તરફ અમરેલીના ૫ ડેમ થયા ઓવરફ્લો થયા છે. ધાતરવાડી ડેમના તમામ ૧૬ દરવાજા ત્રણ-ત્રણ ફૂટ સુધી ખોલવાની ફરજ પડી હતી. પાણી છોડતા પહેલા સાયરન વગાડીને નીચાણવાળા અને નદી કાંઠાના અનેક ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. આ સિઝનના પ્રથમ ભારે વરસાદમાં જ ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી છે.

ભાવનગરમાં છેલ્લાં બે દિવસથી અતિભારે વરસાદ જોવા મળી રહ્યો છે. મેઘ મહેરના કારણે નદીઓમાં નવા નીરની આવક થઈ છે. આ સિવાય મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાયાની માહિતી પણ સામે આવી હતી. ભારે વરસાદને લઈને હવે શાળાઓને લઈને મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. અતિભારે વરસાદ અને હવામાન વિભાગના રેડ એલર્ટને ધ્યાને લઈને બુધવારે (૧૮ જૂન) શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

ભાવનગરના જિલ્લા કલેક્ટકર ડૉ. મનીષ બંસલે માહિતી આપી કે, ભાવનગરમાં અતિશય વરસાદના લીધે કાલે એટલે કે, ૧૮ જૂન ૨૦૨૫ના દિવસે તમામ શાળાઓમાં (જેમાં પ્રિ-પ્રાઈમરીથી લઈને ધોરણ ૧૨ સુધીનો સમાવેશ થાય છે) રજા જાહેર કરવામાં આવે છે. શિક્ષણ જગત સાથે સંકળાયેલા લોકોને અપીલ છે કે, આવતી કાલે તમામ શાળા બંધ રાખવામાં આવશે. આ નિર્દેશ ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ તમામ શાળાઓને લાગુ પડશે. ભાવનગર જિલ્લામાં ભારે વરસાદે તારાજી સર્જી છે. ભૂતિયા ગામ નજીક ભૂતિયા અને શેત્રુંજી ડેમને જોડતો કોઝવે તૂટી ગયો. ભાવનગરની જીવાદોરી સમાન શેત્રુંજીની જૂની પાઈપલાઈન પણ તૂટી હોવાના અહેવાલ મળી રહ્યા છે.ભાવનગરના વલ્લભીપુર તાલુકાની ઘેલો નદીમાં ઘોડાપૂર આવતા નદીના પાણી આસપાસના ગામડાઓમાં ઘૂસી ગયા હતા. જેના કારણે નવાગામ, લોલિયાના, હાલિયાદ અને ખેતાટીંબી સહિતના ગામડાઓનો તાલુકા સાથેનો સંપર્ક તૂટ્યો છે. નવા નીર આવવાથી નદીની આસપાસના ગામડાઓને એલર્ટ કરી દેવાયા છે. અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ થતાં રોડ-રસ્તા, ખેતરો બેટમાં ફેરવાયા હોવાના દ્રશ્યો જોવા મળ્યા. તેવામાં સાવરકુંડલાના થોરાળી નદી ઉપર ચેકડેમ ઓવરફ્લો થતાં નેરડામાં બળદ ગાડા સાથે પિતા-પુત્ર તણાયા હતા. સમગ્ર ઘટનાને લઈને સ્થાનિકોએ ફાયર વિભાગની ટીમને જાણ કરી હતી. આ ઘટનામાં પાણીમાં તણાવાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

### યુદ્ધની ૫ મોટી અસર ભારત પર જોવા મળશે

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધ લાંબુ ખેંચાયું તો ક્રૂડ ઓઇલ મોંઘુ થશે

**જોકે, હવે આ સંઘર્ષની અસર સીધી જનતાના ખિસ્સા પર જોવા મળી શકે છે**

ઈરાન,તા.૧૭

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પાંચ દિવસથી ચાલી રહેલા ભયાનક સંઘર્ષ બાદ પણ સ્થિતિ સુધરે તેવો કોઈ સંકેત જોવા નથી મળી રહ્યો. જોકે, હવે આ સંઘર્ષની અસર સીધી જનતાના ખિસ્સા પર જોવા મળી શકે છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમની સામે ઈઝરાયલે ઓપરેશન રાઈઝિંગ લાયન ૧૨ જૂને શરૂ કર્યું હતું. જેમાં ઈરાનના ટોચના પરમાણુ વિજ્ઞાની અને પ્લાન્ટ્સને નિશાનો બનાવવામાં આવ્યા હતા. ચાલો જાણીએ કે, યુદ્ધની ૫ કઈ મોટી અસર ભારત પર જોવા મળશે. ભારત દુનિયાના અમુક જ એવા દેશોમાંથી છે, જેના ઈઝરાયલ અને ઈરાન બંને સાથે સારા સંબંધો છે. ભારત ઈરાનના ક્રૂડ ઓઈલનો ખરીદદાર છે. ઈરાન ભારતને ક્રૂડ ઓઈલ પર ઘણી છૂટ પણ આપે છે. એવામાં ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ઘટવું અથવા આપૂર્તિ પર અસરથી ભારત માટે આયાત મોંઘુ પડશે અને પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે.

ઈરાનથી આયાત-નિકાસ મોંઘી

ઈરાને પોતાના પરમાણુ હથિયાર કાર્યક્રમથી પીછેહઠ ન કરી તો અમેરિકા તેના પર નવા આર્થિક પ્રતિબંધ લાગુ કરી શકે છે. ભારત ક્રૂડ સિવાય સૂકા મેવા પણ ઈરાન પાસેથી મંગાવે છે. આ સિવાય તેને બાસમતી ચોખા, ખાંડ, ચા-કૉફી જેવી અન્ય વસ્તુની નિકાસ કરે છે. ભારતની અનેક મોટી કંપની ઈરાનમાં મૂળભૂત પાયાનું નિર્માણ કામ કરવામાં જોડાયેલી છે. આર્થિક પ્રતિબંધો બાદ આવું કરવું અઘરૂ થશે,

મધ્ય-પૂર્વમાં ભારતના શક્તિ સંતુલન પર અસર ભારતે ઈરાન અને ઈઝરાયલ યુદ્ધ પર એકપણ બાજુ પોતાનો ઝૂકાવ નથી બતાવ્યો. ભારત નથી ઈચ્છતુ કે, મધ્ય-પૂર્વમાં સાઉદી અરેબિયા, યુએઈની સાથોસાથ ઈરાન જેવા ઈસ્લામિક દેશો સાથે પોતાના સંબંધ બગાડે. ઈઝરાયલ પણ ભારત માટે ખૂબ મહત્ત્વનું છે. ઈરાન એવા ગણતરીના ઈસ્લામિક દેશોમાંથી છે, જે આતંકવાદ પર ભારતની પીડાને સમજે છે. ઈરાને તો ખુદ પાકિસ્તાન પોષિત આતંકવાદને સહન કરી રહ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે થોડા સમય પહેલાં થયેલા સૈન્ય સંઘર્ષ બાદ ઈરાને ખૂબ સમજદારીથી કામ લીધુ હતું. તે ઈસ્લામના નામ પર પાકિસ્તાનની જાળમાં ન ફસાયું અને તટસ્થ વલણ અપનાવ્યું. પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફે ખુદ તેહરાન જઈને અયાતુલ્લા અલી ખમેનેઈ સાથે મુલાકાત કરી હતી પરંતુ, તેમણે ઈસ્લામિક કાર્ડના નામે ભારતને નારાજ કરવાનું જોખમ ન લીધું.

મોંઘી ફ્લાઈટ અને લાંબી હવાઈ યાત્રાઃઈઝરાયલ અને ઈરાન વચ્ચે મિસાઈલના વરસાદ વચ્ચે જોર્ડન, ઈરાક, સીરિયા સહિત અનેક દેશોએ પોતાના એરસ્પેસને બંધ રાખ્યા છે. જેના કારણે એરલાઈન પોતાના વિમાનને મધ્ય-પૂર્વના આકાશથી બહાર લાંબો ચક્કર લગાવવો પડી રહ્યો છે. જેનાથી ઈંધણનો વપરાશ વધે છે અને વિમાનની કંપનીઓનો ખર્ચ વધતા ટિકિટોનો ભાવ પણ વધી રહ્યો છે. ઈરાનના વાયુક્ષેત્રથી કોઈ યાત્રી વિમાન પસાર નથી થઈ રહ્યું. જોકે, યુરોપથી એશિયા જનારા અનેક વિમાન પહેલા અહીંથી પસાર થતા હતા. જેનાથી ફ્લાટનો વધતો સમય, મોડું અને ઈંધણની કિંમત વધવાની અસર ભારતની એરલાઈન કંપનીઓ પર પણ થઈ રહી છે.

ક્રૂડ ઓઈલની કિંમતોમાં વધારોઃઈરાન-ઈઝકાયલ વચ્ચે તણાવથી ક્રૂડ ઓઈલની કિંમતોમાં ૯ ટકાનો ઉછાળો પહેલાંથી જ થઈ ચુક્યો છે. જો યુદ્ધ ન રોકાયું તો ક્રૂડ ઓઈલ ૭૮થી વધીને ૧૦૦ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. જેનાથી ભારત સહિત દુનિયાભરના ક્રૂડ આયાત કરનારા દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધી શકે છે.

જહાજોની અવર-જવર પર થશે અસરઃઈરાન દરરોજ આશરે ૩.૩ મિલિયન બેરલ પ્રતિ દિવસ ક્રૂડ ઓઈલનું ઉત્પાદન કરે છે. જેમાં ૧.૫ એમબીડીની નિકાસ કરવામાં આવે છે. જેમાં ૮૦ ટકા ક્રૂડ તો એકલું ચીન ખરીદે છે. ત્યારબાદ તુર્કી બીજો સૌથી મોટો ખરીદદાર છે.

સોનાના ભાવમાં ઉછાળોઃઈરાન અને ઈઝરાયલ યુદ્ધ વચ્ચે સોનાના ભાવમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. ઘરેલું બજારમાં સોનાનો ભાવ ૧ લાખ પ્રતિ તોલા પહોંચી ગયો છે. જો તણાવ વધ્યો તો શેરબજાર પર પણ તેની અસર જોવા મળશે અને સોનું મજબૂત થશે. ભારત દર વર્ષે ૮૦-૯૦ ટન સોનાની આયાત કરે છે. જો સોનાની કિંમત વધી તો ભારતે તેની આયાત માટે વધુ વિદેશી ચલણ વધુ ખર્ચાશે.

આખો મધ્યપૂર્વ હિંસાની આગમાં :ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ આખા મિડિલ ઈસ્ટમાં ફેલાઈ શકે છે. અમેરિકાએ પણ આ યુદ્ધમાં કૂદવાનો સંકેત આપ્યો છે. તેને સાઉદી અરેબિયા-યુએઈનો ટેકો મળી શકે છે. તે જ સમયે, સીરિયા, તુર્કીયે અને ઈરાક જેવા દેશો પણ આવી સ્થિતિમાં શાંત નહીં બેસે. રશિયા હાલમાં યુક્રેન સાથે યુદ્ધમાં ફસાઈ શકે છે, પરંતુ તે કોઈપણ કિંમતે મધ્ય પૂર્વમાં તેના સાથી ઈરાનને ગુમાવવા માંગતો નથી. આ અભિયાનમાં તેને ચીન અને ઉત્તર કોરિયાનો પણ ટેકો મળી શકે છે. જો આવું થાય, તો તે ત્રીજા વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ શકે છે.

### તાજેતરમાં એક મોટા ઓનલાઈન સટ્ટાબાજી રેકેટનો પર્દાફાશ થયો

# યુવરાજ સિંહ, હરભજન, રૈના, ઉર્વશી રૌતેલાની ED દ્વારા પૂછપરછ

**ઈડી દ્વારા હાલ આ સેલેબ્સની પૂછપરછનું કારણ એ છે કે, જે એપ્સ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે**

નવીદિલ્હી,તા.૧૭

ઓનલાઈન બેટિંગ કેસમાં અનેક મોટા સેલેબ્સની પૂછપરછ કરવામાં આવી રહી છે. EDના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભારતના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર્સ યુવરાજ સિંહ, હરભજન સિંહ અને સુરેશ રૈના સાથે ઈડીએ પૂછપરછ કરી હતી. આ સાથે જ બોલિવૂડ કલાકાર સોનુ સૂદ અને ઉર્વશી રૌતેલા સાથે પણ આ મામલે પૂછપરછ કરવામાં આવી રહી છે. ઈડી દ્વારા હાલ આ સેલેબ્સની પૂછપરછનું કારણ એ છે કે, જે એપ્સ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે, તેનો પ્રચાર-પ્રસાર કેમ કરવામાં આવી રહ્યો છે? આ એપ્લિકેશનમાં વન બેટ, ફેયર પ્લે અને મહાદેવ ઓનલાઈન બેટિંગ પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.

છેલ્લાં થોડા દિવસ પહેલાં કોલકાતામાં EDએ મની લૉન્ડરિંગ એક્ટ હેઠળ એક મોટા ઓનલાઈન સટ્ટાબાજ અને મની લૉન્ડરિંગ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આ રેકેટને ઉજાગર કરવા માટે પશ્ચિમ બંગાળ સહિત દિલ્હી, બિહાર, ઉત્તર પ્રદેશ અને આસામમાં અનેક ઠેકાણાઓએ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન મોટી સંખ્યામાં ઈલેક્ટ્રોનિક ડિવાઈસ અને શંકાસ્પદ દસ્તાવેજ જપ્ત કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, આ ઓપરેશન દરમિયાન EDએ ૭૬૬ બેંક એકાઉન્ટ અને ૧૭ ડેબિટ તેમજ ક્રેડિટ કાર્ડ ફ્રીઝ કરી દીધા છે. આ એકાઉન્ટનો ગેરકાયદે સટ્ટાબાજી સાથે જોડાયેલા પૈસાની લેતીદેતી માટે ઉપયોગ થઈ રહ્યો હતો. EDએ વિશાલ ભારદ્વાજ અને સોનું કુમાર ઠાકુર નામના બે આરોપીઓની PMLA હેઠળ ધરપકડ કરી હતી. બંનેને કોલાકાતાની વિશેષ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ૧૦ દિવસની કસ્ટડીમમાં મોકલવામાં આવ્યા હતા.

નોંધનીય છે કે, એપ્રિલ મહિનામાં પણ મહાદેવ ઓનલાઈન બેટિંગ એપ કેસમાં ઈઢએ મોટી કાર્યવાહી કરી હતી. ત્યારે ઈડીએ આ મામલે વિવિધ ઠેકાણે દરોડા પાડી ૫૭૩ કરોડ રૂપિયાની સંપત્તિ ફ્રીઝ કરી હતી. મની લૉન્ડરિંગ એક્ટ હેઠળ ૧૬ એપ્રિલ ૨૦૨૫ના દિવસે દિલ્હી, મુંબઈ, ઈન્દોર, અમદાવાદ, ચંડીગઢ, ચેન્નઈ અને સંબલપુર (ઓડિશા)માં અનેક ઠેકાણે દરોડા પાડવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન ઈઢએ ૩.૨૯ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરી હતી. આ સાથે જ ૫૭૩ કરોડ રૂપિયાથી વધુની સિક્યોરિટીઝ, બોન્ડ અને ડિમેટ એકાઉન્ટ ફ્રીઝ કર્યા હતા. સાથે જ મોટી સંખ્યામાં વાંધાજનક દસ્તાવેજ અને ઈલેક્ટ્રોનિક્સ પુરાવા પણ મેળવ્યા હતા.

### પરમાણુ હથિયારમાં ભારત છઠ્ઠા ક્રમે

# એક વર્ષમાં ભારતે ૮, ચીને ૧૦૦ પરમાણુ બોમ્બ બનાવ્યા

**ભારત પાસે કુલ ૧૮૦ પરમાણુ હથિયાર છે. તે તમામ સંગ્રહિત છે જ્યારે પાકિસ્તાન પાસે ૧૭૦**

નવીદિલ્હી,તા.૧૭

વિશ્વમાં પરમાણુ હથિયારો બનાવવાની હોડ લાગી છે. આ રેસમાં હાલ નવ દેશ સામેલ છે. તમામે જાન્યુઆરી, ૨૦૨૪થી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન પોતાને પરમાણુ મોરચે મજબૂત બનાવ્યા છે. SIPRIના રિપોર્ટ અનુસાર, ભારતે છેલ્લા એક વર્ષમાં ૮ પરમાણુ હથિયાર બનાવ્યા છે. ભારત પાસે જાન્યુઆરી, ૨૦૨૫માં ૧૮૦ પરમાણુ હથિયાર હતાં. જે અગાઉના વર્ષે ૧૭૨ હતાં. જ્યારે ભારતના પડોશી દેશ ચીને આ સમયગાળામાં ૧૦૦ પરમાણુ હથિયાર બનાવ્યા હતાં. આ સાથે તેના પરમાણુ હથિયારનો જથ્થો વધી ૬૦૦ થયો છે.

SIPRI (સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ)ના રિપોર્ટમાં જણાવાયું છે કે, વિશ્વના આશરે ૯૦ ટકા પરમાણુ હથિયાર માત્ર રશિયા અને અમેરિકા પાસે છે. અન્ય એક રિપોર્ટ ઈન્ટરનેશનલ કેમ્પેઈન ટુ એબોલિશ ન્યૂક્લિઅર વેપન્સ (ICAN)માં જણાવ્યા પ્રમાણે, ગતવર્ષે ન્યૂક્લિઅર હથિયારો ધરાવતા દેશોએ તેમના પરમાણુ શસ્ત્રાગાર (એટોમિક જથ્થા)માં વધારો કરવા ૧૦૦ અબજ ડોલરથી વધુનુ રોકાણ કર્યું છે. જ્યારે યુકે, ચીન, ફ્રાન્સ, ભારત, ઈઝરાયલ, દક્ષિણ કોરિયા, પાકિસ્તાન, રશિયા અને અમેરિકાએ ૨૦૨૩ની તુલનાએ ૨૦૨૪માં ૧૦ અબજ ડોલરનું રોકાણ વધાર્યું છે.

અમેરિકા અને રશિયા ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈઝરાયલ પરમાણુ હથિયારનો જથ્થો વધારી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, વિશ્વમાં કુલ ૧૨,૨૪૧ પરમાણુ હથિયાર છે. જેમાં ૯૬૧૪ સૈન્ય ભંડારમાં છે. આશરે ૩૯૧૨ પરમાણુ હથિયાર મિસાઈલ અને વિમાનો સાથે તૈનાત છે.

અમેરિકા પાસે કુલ ૫૧૭૭ પરમાણુ હથિયાર છે. જેમાં ૧૪૭૭ વૉરહેડ છે. સૈન્ય ભંડારમાં ૩૭૦૦માંથી ૧૭૭૦ તૈનાત છે, અને ૧૯૩૦ સંગ્રહિત છે. રશિયા પાસે કુલ ૫૪૫૯ પરમાણુ હથિયાર છે. જેમાં સૈન્ય ભંડારમાં ૪૩૦૯ સામેલ છે. જેમાં ૧૭૧૮ વૉરહેડ તૈનાત છે અને ૨૫૯૧ને સંગ્રહ કરે છે. રશિયાએ ૧૧૫૦ વૉરહેડ રિટાયર કર્યા છે. જ્યારે બ્રિટને ૧૨૦ વૉરહેડ તૈનાત કર્યા છે. ૧૦૫ સ્ટોરેજમાં છે. તેના સેનામાં ૨૨૫ હથિયારોનો ભંડાર છે. બ્રિટન પાસે કુલ ૨૨૫ પરમાણુ હથિયાર છે. ફ્રાન્સની પાસે કુલ ૨૯૦ પરમાણુ હથિયાર છે, જેમાંથી ૨૮૦ તૈનાત છે અને ૧૦ સંગ્રહિત છે. ચીન પાસે આશરે ૬૦૦ પરમાણુ હથિયાર છે, જેમાં ૨૪ વૉરહેડ અને ૫૭૬ સંગ્રહિત છે. પરમાણુ હથિયારના જથ્થામાં અમેરિકા પ્રથમ અને રશિયા બીજા ક્રમે છે. જ્યારે ભારત છઠ્ઠા સ્થાને છે. ભારત પાસે કુલ ૧૮૦ પરમાણુ હથિયાર છે. તે તમામ સંગ્રહિત છે. જ્યારે પાકિસ્તાન પાસે ૧૭૦ અને ઉત્તર કોરિયા પાસે ૫૦ પરમાણુ હથિયાર છે. આ સિવાય ઈઝરાયલ પાસે ૯૦ વૉરહેડ છે. આ તમામ દેશોમાં પરમાણુ હથિયાર સેનાના ભંડારમાં સંગ્રહિત છે.

SIPRIનો અંદાજ છે કે, ચીન પાસે છેલ્લા એક વર્ષમાં પરમાણુ શસ્ત્રાગાર ૧૦૦થી વધી ૬૦૦ થયા છે. રિપોર્ટ અનુસાર, કોઈપણ દેશની તુલનાએ ચીન પાસે સૌથી વધુ પરમાણુ હથિયાર સંગ્રહિત છે. ચીન પોતાના પરમાણુ હથિયારના ભંડારમાં સતત વધારો કરી રહ્યું છે. જેની અસર ભારત પર થઈ શકે છે. કારણકે, બેઈજિંગ પાકિસ્તાનનો સહયોગી છે. અને તે પરમાણુ હથિયારમાં તેને મદદ કરી શકે છે. SIPRIએ રિપોર્ટ તૈયાર કરતી વખતે ચીન સાથે આ મુદ્દે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કોઈ જવાબ આપ્યો ન હતો

### EDએ કૌભાંડનો પર્દાફાશ કર્યો

# ફોરેક્સ ટ્રેડિંગ પ્લેટફોર્મ દ્વારા રોકાણકારો સાથે ૮૦૦ કરોડની છેતરપિંડી

**એક આંતરરાષ્ટ્રીય બ્રોકર્સની ટીમે ફોરેક્સ ટ્રેડિંગની આડમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરી**

નવીદિલ્હી,તા.૧૭

એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ દ્વારા રોકાણકારોને મબલક રિટર્નનું વચન આપી છેતરપિંડી કરનારી એક ટોળકીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. તપાસ એજન્સીએ મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, અને ગુરૂગ્રામમાં સાત સ્થળો પર પીએમએલએ ૨૦૦૨ હેઠળ દરોડા પાડ્યા હતાં. જેમાં વિવિધ આપત્તિજનક દસ્તાવેજો, ડિજિટલ ડિવાઈસ મળી આવ્યા હતાં. જેમાં એક આંતરરાષ્ટ્રીય બ્રોકર્સની ટીમે ફોરેક્સ ટ્રેડિંગની આડમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરી રૂ. ૮૦૦ કરોડથી વધુનું કૌભાંડ કર્યું હોવાનો મોટો ખુલાસો થયો છે. ઈડી દ્વારા ઓક્ટાએફએક્સ ટ્રેડિંગ એપ અને વેબસાઈટ www.octafx.com નામના આંતરરાષ્ટ્રીય બ્રોકર્સના ઓનલાઈન ફોરેક્સ બિઝનેસ મામલે તપાસ હાથ ધરી હતી. જેમાં ખુલાસો થયો હતો કે, તે ગેરકાયદે ઓનલાઈન ફોરેક્સ બિઝનેસના માધ્યમથી છેતરપિંડી કરી રહી હતી. ઓક્ટાએફએક્સ ફોરેક્સ ટ્રેડિંગ પ્લેટફોર્મ મારફત રોકાણકારોને ઊંચુ રિટર્ન આપવાનું ખોટું વચન આપી છેતરપિંડી કરી હતી. રોકાણકારોએ તેની વિરૂદ્ધ શિવાજી નગર પીએસ, પુણે ખાતે એફઆઈઆર નોંધાવી હતી.ઈડીની તપાસમાં જાણવા મળ્યું કે, ઓક્ટાએફએક્સ, મેસર્સ ઓક્ટાએફએક્સ ઈન્ડિયા પ્રા.લિ. સાથેની ભાગીદારીમાં આરબીઆઈની મંજૂરી વિના તે ભારતમાં કામ કરી રહ્યું હતું. તેણે ફોરેક્સ ટ્રેડિંગની આડમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરી હતી. જેમાં પકડાઈ ન જાય તે માટે પોતાની વેબસાઈટનું યુઆરએલ છુપાવ્યું હતું અને યુઆરએલ ક્લોકિંગની મદદથી વેબસાઈટ અને એપ ઉભી કરી હતી. બાદમાં નકલી કેવાયસી કર્યું હતું. રોકાણ માટે શેલ કંપનીઓ (બનાવટી કંપની) પણ ખોલી હતી. તેમજ બનાવટી એકાઉન્ટ ખોલાવી રોકાણકારોનું ફંડ એકત્ર કર્યું હતું. રોકાણકારોને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે, તેમનું ફંડ સારી જગ્યાએ છે. મોટું રિટર્ન મળશે. ફોરેક્સ ટ્રેડિંગની આડમાં રોકાણકારો પાસેથી એકથી ઓછા વર્ષમાં રૂ. ૮૦૦ કરોડ પડાવ્યા હતાં.ઈડીએ સ્પેનની સંપત્તિ સહિત કુલ ૧૬૦.૮ કરોડની સંપત્તિ ફ્રીઝ કરી છે. ઓક્ટાએફએક્સે પેમેન્ટ ગેટવેની ઓળખ છુપાવવા માટે યુઆરએલ માસ્કિંગનો ઉપયોગ કર્યો હતો. જેમાં વાસ્તવિક યુઆરએલને છુપાવી યુઝર્સને અનુરૂપ યુઆરએલ પ્રદર્શિત થાય છે. જે વાસ્તવિક યુઆરએલને રિડાયરેક્ટ કરી દે છે. જેથી બ્રાઉઝરમાં માસ્ક કરેલુ યુઆરએલ જ દેખાય છે. જેની મદદથી રોકાણકારોને છેતર્યા હતાં.

### બાગપત તાલુકામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# પ્રેમીને મળવા હોટલમાં આવેલી એક મહિલાએ ૧૦ ફુટ ઊંચી છત પરથી છલાંગ લગાવી

**મહિલા છત પરથી કૂદતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને હાલમાં પોલીસ આ મામલે તપાસમાં લાગી ગઈ છે**

બાગપત,તા.૧૭

બાગપત તાલુકામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પ્રેમીને મળવા હોટલમાં આવેલી એક મહિલાએ ૧૦ ફુટ ઊંચી છત પરથી છલાંગ લગાવી દીધી છે. મહિલા છત પરથી કૂદતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને હાલમાં પોલીસ આ મામલે તપાસમાં લાગી ગઈ છે.

આ સમગ્ર મામલો બાગપત તાલુકાના છપરૌલી વિસ્તારનો છે. જ્યાં કકોરી કલા ગામના રહેવાસી એક યુવકના લગ્ન તુગાના ગામની યુવતી સાથે થયા હતા. ૨૦૧૯માં રીતિ રિવાજ સાથે બંનેના લગ્ન થયા અને બંનેને એક દીકરો પણ થયો. હવે થોડા સમયથી બંને વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે અને ઘણી વાર આ વાત મારપીટ સુધી પણ પહોંચી ચુકી છે. પોલીસે ફરિયાદ બાદ બંને પક્ષોના વિવાદના કારણે કાઉંસલિંગ પણ કરાવી રહી છે.કાઉંસલિંગ માટે પહોંચેલી વિવાહિત મહિલા જ્યારે પાછી પોતાના ઘરે પરત ફરી રહી હતી, તેણે પોતાના પ્રેમીને બોલાવી લીધો અને બડૌતની એક હોટલમાં રુમ બુક કરી ત્યાં પહોંચી ગઈ. તેની જાણ મહિલાના પતિને થઈ ગઈ તો મહિલાના પતિએ પોતાના સાસરિયાવાળાને ઘટનાસ્થળે બોલાવી લીધા અને પોતાની પત્નીને રંગેહાથ પકડવાનો પ્લાન બનાવ્યો. તેની જાણ થતાં જ મહિલા હોટલની પાછળના રુમની બારીમાંથી ૧૦ ફુટ ઊંચેથી કૂદકો મારી દીધો.

તે જ સમયે તેના પતિએ તેનો વીડિયો બનાવી લીધો. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, કેવી રીતે મહિલા કૂદીને ભાગતી દેખાઈ રહી છે. તેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.મહિલાના પતિએ ખુદના જીવને ખતરો હોવાનું કહ્યું છે. તેનો આરોપ છે કે, તેની પત્ની લગ્ન પહેલાથી કેટલાય લોકો સાથે આડા સંબંધો ધરાવે છે અને હવે પ્રમીને લઈને હોટલમાં પહોંચી છે. મહિલાના પતિનું કહેવું છે કે, તેના શંકા છે કે, તેની પત્ની અને તેના સાસરિયાવાળા તેની હત્યા કરાવી શકે છે. હાલમાં પોલીસમાં ફરિયાદ આપી છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી મહિલાના પ્રેમીની ધરપકડ કરી છે અને પીડિત મહિલાના પતિની ફરિયાદના આધાર પર પોલીસ આખા મામલામાં તપાસ કરી રહી છે.

### ધમકીમાં ફ્લાઇટ નંબર પણ સ્પષ્ટ રૂપે આપવામાં આવ્યો હતો

# ઈન્ડિગો એરલાઇન્સની એક ફ્લાઇટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી

**વિમાનમાં બોમ્બની ધમકી મળ્યા બાદ પ્રોટોકોલ હેઠળ તુરંત ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી**

નવીદિલ્હી,તા.૧૭

કોચ્ચિથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની એક ફલાઈટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી બાદ નાગપુર એરપોર્ટ પર તેની ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓએ સલામતીને ધ્યાને લઈને વિમાનનું નાગપુર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું, જ્યાં તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી વિમાનની તપાસ કરવામાં આવી હતી.વિમાનમાં બોમ્બની ધમકી મળ્યા બાદ પ્રોટોકોલ હેઠળ તુરંત ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં પુષ્ટિ કરવામાં આવી કે, ધમકી ગંભીર હતી. કારણ કે, ધમકીમાં ફલાઈટ નંબર પણ સ્પષ્ટ રૂપે આપવામાં આવ્યો હતો. જોકે, ધમકી મળી ત્યાં સુધી ફલાઈટ કોચ્ચિથી ઉડાન ભરી ચુકી હતી, જેને સુરક્ષાના કારણોસર નાગપુર એરપોર્ટ તરફ વળાવી દેવાયું હતું. હાલ, વિમાન અને મુસાફરોની તપાસ કરવામાં આવી રહી છે.

નોંધનીય છે કે, શુક્રવારે થાઈલેન્ડના ફુટેકથી નવી દિલ્હી આવી રહેલા એર ઈન્ડિયાના વિમાન AI-૩૭૯ને પણ બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી હતી. ત્યારબાદ વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. ફુકેટ એરપોર્ટના અધિકારીઓએ જાણકારી આપી હતી. એક અધિકારીના જણાવ્યા અનુસાર, ઈમરજન્સી પ્રોસીઝરનું પાલન કરતા તમામ મુસાફરોને વિમાનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. એર ઈન્ડિયાના આ વિમાનમાં ૧૫૬ મુસાફરો સવાર હતા.

### ઈઝરાયલના દાવાથી મિડલ-ઈસ્ટમાં હડકંપ

# ઈરાનના હાલમાં નિમણુંક કરાયેલા આર્મી ચીફનું મોત થયુ

**ઈરાન તેનો બદલો લેવા વધુ જોર સાથે હુમલો કરે તેવી શક્યતાઓ વધી છે**

ઈરાન,તા.૧૭

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સ્થિતિ સતત વણસી રહી છે. ઈઝરાયલની સેનાએ ઈરાનના હાલમાં નિમણૂંક કરાયેલા ચીફ ઑફ સ્ટાફ અને વરિષ્ઠ સૈન્ય કમાન્ડર પૈકી એક અલી શાદમાનીનું મિસાઈલ હુમલામાં મોત થયુ હોવાનો દાવો કર્યો છે. ઈઝરાયલના આ દાવાથી મિડલ-ઈસ્ટમાં હડકંપ મચ્યો છે. ઈરાન તેનો બદલો લેવા ઈઝરાયલ વધુ જોર સાથે હુમલો કરે તેવી શક્યતાઓ વધી છે.

શાદમાની ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈના નજીકના સૈન્ય સલાહકાર હતા. ઈઝરાયલની ડિફેન્સ ફોર્સે દાવો કર્યો છે કે, તેમણે ઈરાનના એક સૈન્ય મથક પર મિસાઈલ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં શાદમાની માર્યા ગયા છે. તેઓ થોડા સમય પહેલાં જ ઈરાનની ડિફેન્સ ફોર્સના ચીફ ઑફ સ્ટાફ બન્યા હતા. આ હુમલો તેહરાન નજીક સ્થિત એક કમાન્ડ પોસ્ટ પર થયો હતો.શાદમાની ઈરાનના સશસ્ત્ર સેનાના ઈમરજન્સી કમાન્ડ અને ખાતમ અલ-અનબિયા મુખ્યાલયના કમાન્ડર હતાં. તેઓ ઈસ્લામિક રિવૉલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ અને ઈરાનની સેનાનું નેતૃત્વ કરતા હતાં. ઈઝરાયલ વિરૂદ્ધ ઈરાનની યુદ્ધ યોજનાને આકાર આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યા હતાં. હાલમાં જ તેમની નિમણૂક થઈ હતી. ઈઝરાયલે ૧૩ જૂને ઓપરેશન રાઈઝિંગ લાયન હાથ ધરી હુમલામાં ઈરાનના પૂર્વ મેજર જનરલ ગોલામ અલી રાશિદને માર્યા હતા. ઈઝરાયલ દ્વારા ઈરાનના સૈન્ય મથકોને ટાર્ગેટ બનાવી કરવામાં આવેલા હુમલામાં ઈરાનની સેનાને મોટો ઝટકો વાગ્યો છે. ઈરાનના ૨૦ ટોપ કમાન્ડર માર્યા ગયા છે.

# મુંબઈમાં વાવાઝોડા સાથે વરસાદ અને સમુદ્રમાં હાઈ ટાઈડનું એલર્ટ

મુંબઈ,તા.૧૭

મહારાષ્ટ્રના ઘણા જીલ્લાઓમાં દોધમાર વરસાદ વરસી રહ્યો છે. મુંબઈમાં કાળા વાદલ છવાયા છે અને વરસાદનું એલર્ટ જાહેર કરાયુ છે. સમુદ્રમાં હાઈ ટાઈડનું એલર્ટ છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર મુંબઈમાં મંગળવારે ધીમો ધીમો વરસાદ વરસશે. આ સાથે પાલઘર, ઠાણે અને અન્ય જીલ્લાઓમાં વરસાદની આગાહી છે. મહારાષ્ટ્રના ઠાણેમાં છેલ્લા ૨૪ કલાકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ દરમિયાન અધિકારીઓને વૃક્ષો અને દિવાલો પડવાની ફરિયાદો મળી હતી. જો કે કોઈ વ્યક્તિના ઘાયલ થવાની માહિતી હજી સુધી મળી નથી.

સોમવારે સાંજે ભારે વરસાદને કારણે નવી મુંબઈના વાશીમાં એક વાણિજ્યિક વિભાગની દિવાલ પડવાથી સાત વાહનોને નુકસાન પહોંચ્યું હતું. તડવીએ જણાવ્યું હતું કે બાજુનો એક રસ્તો ઘસાઈ ગયો હતો જેના કારણે એક ટેમ્પો અને કેટલાક બે પૈડાવાળા વાહનો સહિત છ વાહનો દબાઈ ગયા. અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટનામાં કોઈ ઘાયલ થયુ નથી. તેમણે જણાવ્યું હતું કે મંગળવારે સાંજે આઠ વાગ્યે પુરી થયેલી ૨૪ કલાકની અવધિ દરમિયાન શહેરમાં ૧૧૪.૩૧ મિમિ વરસાદ વરસ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે આ ચોમાસામાં અત્યાર સુધીમાં શહેરમાં કુલ ૫૩૪,૩૧ મિમી વરસાદ વરસ્યો હતો. જો કે ગયા વર્ષે આ સમયે જ ૧૪૬.૪૫ મિમી વરસાદ થયો હતો.

### ૧૨ જૂનનો એ ગોઝારો દિવસ અમદાવાદીઓ ક્યારેય નહી ભૂલી શકે

# કેપ્ટન સુમિત સભરવાલના નશ્વરદેહને જોઇને પિતા રડી પડ્યા

### ૯૦ વર્ષના પાયલટ પ્લેનમાં બીજા પાયલટ કરતા સૌથી વધારે અનુભવી હતા તેમના પિતાજી ૯૦ વર્ષના છે

અમદાવાદ,તા.૧૭

૧૨ જૂનનો એ ગોઝારો દિવસ અમદાવાદીઓ ક્યારેય નહી ભૂલી શકે. Air Indiaનું પ્લેન આંખના પલકારામાં અકસ્માતનો ભોગ બન્યુ જોતજોતમાં આ પ્લેનમાં સવાર એક મુસાફરને બાદ કરતા તમામના કરૂણ મોત થયા. અકસ્માત એટલો ગંભીર હતો કે મૃતકોના DNA કર્યા પછી તેમના અંતિમ સંસ્કાર કરી શકાયા. આ અકસ્માતમાં પ્લેનના કેપ્ટન સુમિત સભરવાલ મોતને ભેટ્યા હતા. આ પ્લેન ટેકઓફના કેટલીક મિનીટોમાં જ સળગી ઉઠ્યુ. આજે સવારે કેપ્ટન સુમિતના નશ્વર દેહના DNA ટેસ્ટિંગ બાદ તેમના ઘરે મુંબઇ પહોંચાડાયો હતો. સુમિતના પિતાના હાલ બેહાલ છે. જે પુત્ર તેમનો સહારો હતો તેને આ રીતે અંતીમ વિદાય આપવી પડશે તે કોણે વિચાર્યુ હોય એક બાપ તરીકે આ ઘડી કેટલી મુશ્કેલી ભરેલી હશે કલ્પના કરતા પણ ડર લાગે.કેપ્ટન સુમિત સભરવાલની અંતીમ યાત્રામાં તેમના પિતા પુષ્કરાજે તેમને અશ્રુભીની આંખે અલવીદા કહ્યુ. ૬૦ વર્ષના પાયલટ પ્લેનમાં બીજા પાયલટ કરતા સૌથી વધારે અનુભવી હતા. તેમના પિતાજી ૯૦ વર્ષના છે સુમિત ટુંક સમયમાં જ નિવૃત્તિ લેવાના હતા પણ કિસ્મતના લેખમાં શું લખેલુ છે તે કોઈ કેવી રીતે જાણી શકે.વિમાનના કેપ્ટન સુમિત સભરવાલનો નશ્વરદેહ આજે તેમના નિવાસ સ્થાનથી મુંબઈના પવઈમાં પહોંચી ગયો છે. અહી અંતિમ દર્શન માટે નશ્વર દેહને રાખવામાં આવ્યો છે. પરિજનો તેમના પિતાને મળી તેમને આ મુશ્કેલ સમયમાંથી બહાર આવવાની શાંત્વના પાઠવી રહ્યા છે.

કેપ્ટન સુમિતના ઘરની પાસે રહેતા પડોશી પણ આ ઘટનાથી ખુબજ દુઃખી છે. ઉષા કેપ્ટનના પડોશીએ ભાવુક મનથી શ્રદ્ધાંજલિ અર્પી છે. ઉષા કેપ્ટન સુમિત સાથે ૩૭ વર્ષ સુધી Air Indiaમાં સેવા આપી ચુક્યા છે. ઉષાએ કહ્યુ કે કેપ્ટન સુમિતના ચહેરા પર હંમેશા એક મુસ્કાન રહેતી હતી. સુમિત હંમેશા બધાની સાથે હળીભળીને રહેતા હતા.

### રેલવે અને વિમાન સહિત વાહન વ્યવહાર ખોરવાયો

# મુંબઈમાં મુશળધાર વરસાદથી જનજીવન પ્રભાવિત : ઓરેન્જ એલર્ટ

### જોગેશ્વરી (પૂર્વ)માં એક નિર્માણાધીન ઇમારતની દિવાલ ધરાશાયી થતાં પસાર થઈ રહેલી બે મહિલાઓ ઘાયલ થઈ હતી

મુંબઈ, તા.૧૭

કેરળ, દિલ્હી અને ગુજરાત સહિત ભારતના અનેક ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન સોમવારે રેડ એલર્ટની આગાહી વચ્ચે મહારાષ્ટ્રના મુંબઈ સહિત ઘણા ભાગોમાં ભારે વરસાદ નોંધાયો હતો. ૨૪ કલાકમાં મુંબઈમાં સરેરાશ ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જેમાં પશ્ચિમ ઉપનગરોમાં આવેલા નારિયાલવાડી વિસ્તારમાં સૌથી વધુ ૯૩ મીમી પડ્યો હતો. દિવાલ પડવા અને ઝાડ પડવાની ઘટનાઓમાં ત્રણ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. પાણી ભરાવાને કારણે લોકલ ટ્રેન અને મેટ્રો રેલ સર્વિસ થોડા સમય માટે ખોરવાઈ હતી તેમજ ખરાબ હવામાનને કારણે વિમાની સેવાને પણ અસર થઈ હતી. જોગેશ્વરી (પૂર્વ)માં એક નિર્માણાધીન ઈમારતની દિવાલ ધરાશાયી થતાં પસાર થઈ રહેલી બે મહિલાઓ ઘાયલ થઈ હતી. પવઈ, અંધેરી, કુર્લા, ચેમ્બુર અને મલાડ જેવા વિસ્તારોમાં રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા.

### અનેક પુલ તૂટી જતા વાહનવ્યવહાર પણ ખોરવાયો છે

# ગુજરાતમાં વરસાદની સ્થિતિને પગલે CMએ યોજી મહત્ત્વની બેઠક

### તમામ જિલ્લા કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સથી કરી વાત

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત ધોધમાર વરસાદ સાથે થઈ છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ ચૂકી છે. ત્યારે ભાવનગર, અમરેલી અને સુરેન્દ્રનગર સહિતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. આ સિવાય દક્ષિણ ગુજરાતમાં પણ અનરાધાર વરસાદની સ્થિતિ સર્જાઈ છે. નદીઓમાં પુર આવતા અનેક ગામડાઓમાં પાણી ઘુસી ગયા છે. જ્યારે અનેક પુલ તૂટી જતા વાહનવ્યવહાર પણ ખોરવાયો છે. આ સિવાય અનેક લોકોના ઘરની સામગ્રી નાશ પામી છે. અનેક ગામના લોકો પ્રભાવિત થયા છે. કેટલાક વિસ્તારમાં તો જનજીવન પણ પ્રભાવિત થયું છે. ત્યારે રાજ્યમાં હજુ ભારે વરસાદની આગાહી વચ્ચે ગાંધીનગરમાં બે મહત્ત્વની બેઠક યોજાઈ હતી.

આજે (૧૭ જૂન) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાતમાં વરસાદની સ્થિતિ અને બચાવ કાર્યો મુદ્દે સમીક્ષા કરાઈ હતી. બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષી, અધિક સચિવ જંયતિ રવિ અને રાહત કમિશનર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. તેમણે તમામ જિલ્લા કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સથી વાત કરી હતી.આ અગાઉ ગાંધીનગરમાં સ્ટેટ ડિઝાસ્ટર ઓપરેશન સેન્ટર ખાતે રાહત કમિશનર આલોક પાંડેની ઉપસ્થિતિમાં વેધર વોચ કમિટીની બેઠક પણ યોજાઈ હતી. બેઠકમાં હવામાન વિભાગ, માર્ગ-મકાન, દ્નઢ્ઢઈહ્ન, જીઢ્ઢઈહ્ન અને કોસ્ટ ગાર્ડ સહિતની એજન્સીના અધિકારીઓ હાજર રહ્યા હતા. જે દરમિયાન રાજ્યમાં વરસાદની સ્થિતિ, રાહત-બચાવ કાર્ય સહિતની બાબતો પર સમીક્ષા કરાઈ હતી.

### રોજબરોજ ફ્લાઈટમાં ખામીના સમાચાર મળી રહ્યા છે

# એક જ દિવસમાં એર ઈન્ડિયાની કુલ ચાર ફ્લાઈટ કરાઈ કેન્સલ

### એર ઈન્ડિયાની દિલ્હીથી પેરિસ, લંડનથી અમૃતસર, સાન ફ્રાન્સિસ્કોથી મુંબઈ અને અમદાવાદથી લંડન આવતી ફ્લાઈટ રદ કરવામાં આવી છે

મુંબઈ,તા.૧૭

અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશની ભયાવહ દુર્ઘટના બાદ રોજબરોજ ફ્લાઈટમાં ખામીના સમાચાર મળી રહ્યા છે. આજે એર ઈન્ડિયાની કુલ ચાર ફ્લાઈટ ટેક્નિકલ તથા અન્ય કારણોસર ઉડાન ભરી શકી ન હતી. એર ઈન્ડિયાની દિલ્હીથી પેરિસ, લંડનથી અમૃતસર, સાન ફ્રાન્સિસ્કોથી મુંબઈ અને અમદાવાદથી લંડન આવતી ફ્લાઈટ રદ કરવામાં આવી છે. આ ત્રણેય ફ્લાઈટમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી.એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન છૈં-૧૫૯ બપોરે ૧.૧૦ વાગ્યે અમદાવાદથી રવાના થયુ હતું. લંડન પહોંચવાનો સમય સાંજે ૬.૨૫ વાગ્યાનો હતો. જો કે, ફ્લાઈટ ટેકઑફ થાય તે પહેલાં જ તેમાં ટેક્નિકલ ખામી જોવા મળતાં ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. આ સિવાય મુંબઈથી અમદાવાદ આવી રહેલી ફ્લાઈટ AI૨૪૯૩ પણ ટેક્નિકલ ખામીના કારણે રદ કરવી પડી હતી. વધુમાં સાન ફ્રાન્સિસ્કોથી મુંબઈ આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટના એક એન્જિનમાં ટેક્નિકલ ખરાબી નોંધાતા મંગળવારે (૧૭ જૂન) કોલકાતાના ઍરપોર્ટ પર વિમાનના સ્ટોપઓવર દરમિયાન મુસાફરોને ઉતારવા પડ્યા હતા. ફ્લાઈટ AI૧૮૦ સમયસર ૦૦:૪૫ વાગ્યે ઍરપોર્ટ પર પહોંચી, પરંતુ ડાબા એન્જિનમાં ટેક્નિકલ ખરાબીના કારણે ઉડાનમાં મોડું થયું હતું.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ૧૭ જૂનના રોજ દિલ્હીથી પેરિસ જઈ રહેલી ફ્લાઈટ AI૧૪૩ પણ ટેક્નિકલ ખામીના કારણે રદ કરવામાં આવી હતી. ટેકઑફ પહેલાં અનિવાર્ય તપાસમાં એક સમસ્યા મળી આવી હતી. જેથી ફ્લાઈટે ઉડાન જ ભરી ન હતી. હાલ તેને ઠીક કરવાની કામગીરી ચાલી રહી છે. પેરિસ ચાર્લ્સ ડી ગૉલ એરપોર્ટ પર રાત્રિના સંચાલન પર પ્રતિબંધ હોવાથી આ ફ્લાઈટને રદ કરવામાં આવી છે. મુસાફરોને હાલાકી ન નડે તે માટે તેમના રોકાણની વ્યવસ્થા થઈ રહી છે.

એર ઈન્ડિયાની લંડન ગેટવિકથી અમૃતસર આવતી ફ્લાઈટ પણ રદ કરવામાં આવી છે. આ રદ કરવા પાછળનું કારણ એરસ્પેસ પ્રતિબંધો અને સાવચેતીના ભાગરૂપે આકરી ચકાસણીના કારણે એરક્રાફ્ટ ઉપસ્થિત ન હોવાનું જણાવ્યું છે. જેથી લંડનથી અમૃતસર આવતી AI૧૭૦ ફ્લાઈટ રદ કરવામાં આવી છે.

### 'બૉર્ડર ૨' ફિલ્મને લઈને નવું અપડેટ

# 'બોર્ડર ૨'માં દિલજીત દોસાંજની સાથે સોનમ બાજવા જોવા મળશે

### 'બોર્ડર ૨'નું શૂટિંગ જૂનથી લઈને ઓગષ્ટની વચ્ચે થશે, જેમાં સની, વરુણ, દિલજીત, અહાન અને સોનમ સામેલ હશે



મુંબઈ, તા.૧૭

અનુરાગસિંહના દિગ્દર્શનમાં બની રહેલી 'બોર્ડર ૨' ફિલ્મમાં સની દેઓલની સાથે અહાન શેટ્ટી, દિલજીત દોસાંજ અને વરુણ ધવન પછી હવે સોનમ બાજવા પણ સામેલ થઈ ગયા છે. રિપોર્ટ મુજબ, સોનમ એક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે અને જૂનના અંત સુધીમાં શૂટિંગ શરુ કરશે.ફિલ્મ 'બોર્ડર ૨' અંગે લાંબા સમયથી નવા-નવા અપડેટ આવી રહ્યા છે. અનુરાગ સિંહની ડાયરેક્ટેડ - આ ફિલ્મમાં સની દેઓલ ઉપરાંત, અહાન શેટ્ટી, દિલજીત દોસાંઝ અને વરુણ ધવન તો પહેલાથી જ છે. હવે સમાચાર આવી રહ્યા છે કે સોનમ બાજવાએ આ મુવી જોઈન કરી લીધી છે. રિપોર્ટ મુજબ, એ એક મહત્વની ભૂમિકા નિભાવશે. ફિલ્મના પ્રોડ્યુસર 'સંદેશે આતે હૈં'ના ગાયક સોનુ નિગમે અરિજીતસિંહની સાથે રી-ક્રિએટ કરશે. એક રિપોર્ટ, સોનમ બાજવા આ ફિલ્મમાં પંજાબી યુવતિનો રોલ કરશે, જેનો ઈરાદો મજબૂત હોય. સૂત્રોના હવાલાથી જણાવવામાં આવ્યું કે, 'બોર્ડર ૨'માં સોનમ બાજવા દિલજીત દોસાંજની સાથે જોવા મળશે. પહેલી ફિલ્મની જેમ આમાં પણ તેનો એક ઈમોશનલ એંગલ જોવા મળશે. દિલજીતની સાથે શૂટિંગ પૂણેમાં શરુ થઈ ગયું છે. બાકીના કલાકાર બે સપ્તાહમાં જોડાશે.અહેવાલમાં જણાવ્યું કે, 'બોર્ડર ૨'નું શૂટિંગ જૂનથી લઈને ઓગષ્ટની વચ્ચે થશે. જેમાં સની, વરુણ, દિલજીત, અહાન અને સોનમ સામેલ હશે. પ્રોડ્યુસર વરુણની સાથે એક લીડ એક્ટ્રેસની કાસ્ટ કરવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે. હજુ કાસ્ટિંગ પ્રોસેસમાં છે, જે જલતી પૂરી થશે. આ ફિલ્મ આગામી વર્ષે જાન્યુઆરી ૨૦૨૬માં પ્રજાસત્તાક દિવસના અવસર પર રિલીજ થશે. આ ફિલ્મનું ૬૦ ટકા શૂટિંગ પુર્ણ થઈ ચુક્યું છે અને બાકીનું ઓગષ્ટ સુધી પૂર્ણ થવાની આશા છે. 'બોર્ડર ૨' ફિલ્મને ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જેપી દત્તા અને નિધિ દત્તા પ્રોડ્યુસ કરી રહ્યા છે. ૨૩ જાન્યુઆરી ૨૦૨૬માં ફિલ્મ રિલીજ થશે. ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આ ફિલ્મની સ્ટોરી હશે. એમાં જૂના કલાકારોની ટીમ નજર આવશે નહીં. ફક્ત સની દેઓલ જ હશે, જેના કારણે ફેન્સની નજર આ ફિલ્મ પર ટકેલી છે. સોનમ બાજવાએ હજુ હમણા જ રિલીજ થયેલી 'હાઉસફૂલ ૫'માં જોવા મળી છે. જે સુપરહિટ રહી છે.

### સરહદો ખુલ્લી છે, વિદેશી નાગરિકો જઈ શકે છેઃ ઇરાન

# ઇરાનમાં ફસાયેલાં ૧૫૦૦ ભારતીય વિદ્યાર્થીઓ આર્મેનિયાના રસ્તે પરત ફરશે

### આ દરમિયાન ભારતે પોતાના વિદ્યાર્થીઓને ઇરાનમાંથી બહાર કાઢવા માટે આર્મેનિયાના રાજદૂતની સાથે વાતચીત કરી છે

નવી દિલ્હી, તા.૧૭

ઈઝરાયેલ સાથે સતત ચોથા દિવસે ચાલી રહેલી લડાઈની વચ્ચે ઈરાને સોમવારે વિદેશી નાગરિકોને દેશ છોડવાની મંજૂરી આપી દીધી છે. આ દરમિયાન ભારતે પોતાના વિદ્યાર્થીઓને ઈરાનમાંથી બહાર કાઢવા માટે આર્મેનિયાના રાજદૂતની સાથે વાતચીત કરી છે. વિશ્વસનીય સૂત્રોના કહેવા મુજબ ભારતીય વિદ્યાર્થીઓને આર્મેનિયા બોર્ડર પર નોરદુજ ચોકીથી બસો દ્વારા બહાર કાઢવામાં આવશે. ઈરાનમાં ૧૫૦૦ વિદ્યાર્થી સહિત ૧૦ હજાર ભારતીય ફસાયેલા છે. ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે વર્તમાન હાલતમાં દેશના એરપોર્ટ ભલે બંધ છે, પરંતુ જમીની સરહદો ખુલ્લી છે.

વિદેશી નાગરિકોને ઈરાન છોડતા પહેલા રાજદ્વારી મિશનો દ્વારા ઈરાનના જનરલ પ્રોટોકોલ વિભાગને પોતાનું નામ, પાસપોર્ટ નંબર, ગાડીની વિગત, દેશમાંથી નિકળવાનો સમય અને જે બોર્ડરથી જવા ઈચ્છે છે, તેની જાણકારી પહેલા આપવી પડશે. ઈરાનના અલગ-અલગ શહેરોમાંથી ભારતીય વિદ્યાર્થીઓ આર્મેનિયાથી અડીને આવેલી નોરદુજ બોર્ડર પર પહોંચશે. અહીંથી વિદ્યાર્થીઓને બસ દ્વારા આર્મેનિયાના યેરવન એરપોર્ટ લઈ જવાશે. ત્યાર પછી આ વિદ્યાર્થીઓને વિમાન દ્વારા ભારત લાવવામાં આવશે. ઈઝરાયેલ-ઈરાનના સૈન્ય સંઘર્ષની વચ્ચે કેન્દ્ર સરકારે સોમવારે કહ્યું કે તેહરાનમાં ભારતીય દૂતાવાસ સતત સુરક્ષા સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને ઈરાનમાં ભારતીય વિદ્યાર્થીઓ સાથે સંપર્ક કરીને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યું છે. સાથે જ કેટલાક મામલામાં વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્થાનો પર પહોંચાડવામાં આવી રહ્યા છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, અન્ય વ્યવહાર્ય વિકલ્પો પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. આગળની જાણકારી પણ આપવામાં આવશે. આ ઉપરાંત, દૂતાવાસ વેલ્ફેર અને સુરક્ષાના સંબંધમાં ભારતીય સમુદાયોના આગેવાનોના સંપર્કમાં છે.

### દૈનિક ઓછામાં ઓછા ૩૦૦૦ લોકોની ધરપકડ કરાશે

# ટ્રમ્પનો ઈતિહાસના સૌથી મોટા ડીપોર્ટેશનનો આદેશ

### લોસ એન્જેલસ, શિકાગો અને ન્યૂયોર્ક જેવા મોટા શહેરોમાં કરોડો લોકો ગેરકાયદે ઘૂસ્યા છે, તેમને હાંકવા જ પડશેઃ ટ્રમ્પ

નવી દિલ્હી, તા.૧૭

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદે વસાહતીઓને દેશનિકાલ કરવા હાથ ધરેલી કાર્યવાહીનો વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. અમેરિકામાં ઠેર-ઠેર હિંસક રમખાણો અને પ્રદર્શનો બાદ પણ ટ્રમ્પ નવી ઈમિગ્રેશન નીતિને ઢીલી બનાવવા તૈયાર નથી. તેમણે ડેમોક્રેટિસ શાસિત શહેરોમાં ડીપોર્ટેશનની કાર્યવાહીને સઘન તથા ઝડપી બનાવવા માટે તંત્રને સૂચના આપી છે.

ટ્રમ્પે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ (ICE) અધિકારીઓને આદેશ આપ્યો હતો. જેમાં ઈતિહાસની સૌથી મોટી ડીપોર્ટેશન કાર્યવાહી માટે સત્તાનો મહત્તમ ઉપયોગ કરવા જણાવાયુ હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ગેરકાયદે વસાહતીઓને દેશનિકાલ કરવાનું ધ્યેય હાસલ કરવા માટે ICE અધિકારીઓએ કોઈ કચાશ રાખવી નહીં.લોસ એન્જેલસ, શિકાગો અને ન્યૂયોર્ક જેવા અમેરિકાના સૌથી મોટા શહેરોમાં કરોડો ગેરકાયદે વસાહતીઓ છે. તેમને ડીટેઈન કરી ડીપોર્ટ કરવાની કાર્યવાહી વધુ વ્યાપક બનાવવાની છે.વ્હાઈટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલરે અગાઉ જણાવ્યું હતું કે, ICE અદિકારીઓ દ્વારા દૈનિક ઓછામાં ઓછા 3000 લોકોની ધરપકડ કરવામાં આવશે.

### શહેરમાં વધુ ૭ દર્દી કોરોનામુક્ત થતા રાહત

# ભાવનગરમાં કોરોના વાયરસની ગતી વધી, વધુ ૭ કેસ નોંધાયા

### શહેરના શિશુવિહાર, વાઘાવાડી રોડ, કાળિયાબીડ, સિદસર વગેરે વિસ્તારમાં કોરોના વાયરસના કેસ નોંધાયા

ભાવનગર, તા.૧૭

ભાવનગર શહેરમાં આજે સોમવારે કોરોના વાયરસના વધુ ૭ કેસ નોંધાયા છે, જયારે વધુ ૭ દર્દી કોરોના મૂક્ત થયા છે. કોરોના વાયરસની ગતી વધી રહી છે તેથી લોકોની ચિંતા વધી છે. ભાવનગર શહેરમાં આજે સોમવારે કોરોના વાયરસના વધુ ૭ કેસ નોંધાયા છે, જેમાં શહેરના શિશુવિહાર વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષના સ્ત્રી, વાઘાવાડી રોડ વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષના સ્ત્રી અને શાંતિનગર વિસ્તારમાં રહેતા ૫૩ વર્ષના સ્ત્રી (ટ્રાવેલ હિસ્ટ્રી સુરત), સાગવાડી વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષના પુરૂષ, કાળિયાબીડ વિસ્તારમાં રહેતા ૫૯ વર્ષના પુરૂષ (ટ્રાવેલ હિસ્ટ્રી ધંધુકા), શિવપાર્ક સોસાયટી વિસ્તારમાં રહેતા ૪૬ વર્ષના પુરૂષ (ટ્રાવેલ હિસ્ટ્રી કચ્છ), સિદસર વિસ્તારમાં રહેતા ૧૮ વર્ષના પુરૂષ વગેરેનો સમાવેશ થાય છે.

આ દર્દીઓની તબીયત બગડતા તેઓને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા અને તેઓને કોરોનાના લક્ષણો હોવાથી રિપોર્ટ કરવામાં આવ્યા હતા. દર્દીઓનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો પરંતુ તેની તબીયત સારી હોવાથી હાલ ઘરે સારવાર હેઠળ રાખવામાં આવેલ છે તેમ મહાપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવેલ છે. શહેરમાં આજે વધુ ૭ દર્દી કોરોના મૂક્ત થયા હતાં. શહેર અને જિલ્લામાં છેલ્લા ૨૩ દિવસમાં કોરોનાના કુલ ૫૫ કેસ નોંધાયા છે, જેમાં શહેરમાં કોરોનાના ૫૪ કેસનો સમાવેશ થાય છે. શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૩૬ દર્દી કોરોના મૂકત થયા છે, જયારે કોરોનાના ૧૭ દર્દી હાલ ઘરે સારવાર હેઠળ છે. કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે ત્યારે લોકોએ સાવચેત રહેવુ જરૂરી છે તેમ આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવેલ છે.

### સતત બે દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે

# ભાવનગર યુનિ.માં પરીક્ષાઓની તારીખમાં ફેરફાર કરાયો

### ભારે વરસાદના કારણે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં પરીક્ષાઓની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે

ભાવનગર,તા.૧૭

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં T.Y.B.A, T.Y.B.Com, M.A. PART-1/2 M.Com PART-1/2ની બાહ્ય અભ્યાસક્રમની પરીક્ષાઓ તા.૧૮-૦૬-૨૦૨૫ થી શરુ થનાર હતી, પરંતુ ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈ કુલપતિ ડૉ. ભરત રામાનુજ દ્વારા આ પરીક્ષા તા.૨૩-૦૬-૨૦૨૫ના રોજ લેવા અંગે નિર્ણય કરેલ છે. પરીક્ષાના સમય અને પરીક્ષા કેન્દ્રમાં કોઈ ફેરફાર કરેલ નથી માત્ર તારીખમાં જ ફેરફાર કરેલ છે. વિદ્યાર્થીઓને આપવામાં આવેલ સમય પત્રક અને હોલ ટીકીટ રદ્દ ગણવી, રિવાઈઝડ સમય પત્રક તથા હોલ ટિકિટ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકેલ છે. તેમ ભાવનગર યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ ડોક્ટર ભાવેશ જાનીએ જણાવ્યું હતું.

ભાવનગર જિલ્લામાં અનરાધાર વરસાદને પગલે વિદ્યાર્થીઓની સાવચેતી માટે તંત્ર દ્વારા મોટી નિર્ણય લેવામાં આવ્યો છે અને આવતીકાલે જિલ્લાની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.અનરાધાર વરસાદને પગલે ઠેરઠેર વરસાદી પાણી ભરાવાની સમસ્યા સામે આવી છે. ત્યારે ઘણા સ્થળોએ કોઝવે તૂટતા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. ભાવનગરમાં મેથળા બંધારો ઓવરફ્લો થયો છે. ઉપરવાસમાંથી ભારે વરસાદને કારણે ડેમ ઓવરફ્લો થયો છે. મેથળા બંધારો ઓવરફ્લો થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. કારણ કે બંધ આસપાસના ૧૩ ગામને પાણી પુરું પાડે છે.

### આરોગ્ય તંત્ર 'કસોટી'માંથી પાર ઊતર્યું

# વિમાન દુર્ઘટનામાં મૃતકોના ડીએનએ મેચિંગ માટે સેમ્પલિંગની કામગીરી પૂર્ણતાના આરે

### અમદાવાદ સિવિલ હોસ્પિટલના કસોટી ભવન ખાતે ૨૪X૭ સેમ્પલિંગ પ્રક્રિયામાં રાજ્ય સરકારનો સંવેદનશીલ અભિગમ

અમદાવાદ,તા.૧૭

અમદાવાદમાં થયેલ ગમખ્વાર વિમાન દુર્ઘટનાના તત્કાળ બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા વરિષ્ઠ મંત્રીઓના નેતૃત્વ હેઠળ અમદાવાદના સિવિલ મેડિસિટીમાં આવેલ કસોટી ભવનમાં તાત્કાલિક એક ડેડિકેટેડ કમાંડ સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યું હતું.

મૃતદેહોની ઓળખ માટે જરૂરી ડીએનએ મેચિંગ પ્રક્રિયા માટે સ્વજનોના ડીએનએ સેમ્પલિંગની કામગીરી આવશ્યક હતી. જે બીજે મેડીકલ કોલેજના કસોટી ભવન ખાતે શરૂ કરવામાં આવેલી. આરોગ્ય તંત્ર આ 'કસોટી' પાર ઊતર્યું છે. ડીએનએ સેમ્પલિંગની પ્રક્રિયા પૂર્ણતાના આરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે દુઃખદ વિમાન અકસ્માત બાદ મૃતદેહોની ઓળખ કરવા ડીએનએ મેચિંગ માટે સેંપલ કલેક્શનની પ્રક્રિયા વહેલી તકે અને સંવેદનશીલતા સાથે પૂર્ણ કરવા માટે માઈક્રોબાયોલોજિસ્ટની ૫ નિષ્ણાત ટીમોની રચના કરવામાં આવી હતી. મુશ્કેલ સમયમાં પીડિતોના પરિવારજનોને દરેક શક્ય સહાય વિના વિલંબે પૂરી પાડવાના ઉદ્દેશ સાથે આ સેન્ટર કાર્યરત છે. પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટ (પીઆઈયુ)ને જવાબદારી સોંપવામાં આવી હતી કે તે તમામ જરૂરી વ્યવસ્થાઓ જેમ કે બેસવાની સુવિધા, શુદ્ધ પીવાનું પાણી, ચા-કોફી વગેરેની વ્યવસ્થા સંપૂર્ણ સંવેદનશીલતા સાથે સુનિશ્ચિત કરે કે જેથી ત્યાં પહોંચેલા શોકમગ્ન પરિજનો અને મુલાકાતીઓને યથાસંભવ આરામ અને સન્માજનક વાતાવરણ મળી શકે.

આ સાથે જ, હોસ્પિટલ સંકુલ અને કસોટી ભવનની આજુબાજુ સતત વધતી લોકોની સંખ્યાને સુવ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવા તથા શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા પોલીસ વિભાગને નિર્દેશો આપવામાં આવ્યા હતા.આ મુશ્કેલ અને લાગણીશીલ ક્ષણોમાં પરિવારજનોને માનસિક સહાય આપવા તથા માર્ગદર્શન પૂરું પાડવા માટે મનોચિકિત્સકો તથા કાઉન્સેલરોની ટીમ પણ સ્થળ પર તૈનાત કરવામાં આવી છે. કોઈ પણ પ્રકારના શોક કે ઘબરાટથી ઉત્પન્ન થનાર પરિસ્થિતિમાં ત્વરિત પ્રાથમિક સારવાર આપવા માટે ફર્સ્ટ એડ ટીમ પણ તૈયાર રાખવામાં આવી છે.

ડીએનએ સેંપલ મેચિંગ પ્રક્રિયા માટે જે પરિજનો પોતે ઉપસ્થિત નથી રહી શકતાં, તેવી પરિસ્થિતિમાં તેમના ઘરેથી જ ડીએનએ સેંપલ કલેક્શન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, સ્થળ પર આવનાર તમામ વ્યક્તિઓની સહાય અને વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે મોટી સંખ્યામાં સ્વયંસેવકો તેમજ જનસેવકોએ વહીવટી અધિકારીઓ સાથે મળી સમર્પણ અને સહાનુભૂતિ સાથે કામ કર્યુ છે.આ અત્યંત દુઃખદ અકસ્માતના પીડિત પરિવારજનોને સ્થળ પર કોઈ પણ પ્રકારની અસુવિધા કે અગવડ ન થાય અને તેમને તમામ જરૂરી માહિતી તેમજ માર્ગદર્શન સરળતાથી પ્રાપ્ત થઈ શકે, તે માટે બધા મહત્ત્વપૂર્ણ સ્થળો પર યોગ્ય સાઈન બોર્ડ તથા કંટ્રોલ રૂમના સંપર્ક નંબરો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. રાજ્ય સરકારે આ કપરા સમયમાં સંપૂર્ણ સંવેદનશીલતા સાથે ગુમ થયેલ વ્યક્તિઓના પરિજનો માટે રહેવા-જમવાની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે.આ વિકટ પરિસ્થિતિમાં દરેક શક્ય સહાય ઉપલબ્ધ કરાવવા માટે અમદાવાદની બી. જે. મેડિકલ કોલેજ, આરોગ્ય વિભાગ તથા કલેક્ટર કચેરીની વિવિધ ટીમો રાહત અને બચાવ કામગીરીમાં સતત સમર્પણ ભાવ સાથે જોડાયેલી છે. આ સાથે જ, એયર ઈન્ડિયાની ટીમ પણ અસરગ્રસ્ત પરિવારોને જરૂરી માહિતી આપવા અને દરેક શક્ય સહકાર આપવા માટે સ્થળ પર ઉપલબ્ધ છે.આ કટોકટીભરી પરિસ્થિતિમાં તમામ પ્રકારના ડેટાને રીયલ-ટાઈમમાં અપડેટ કરવાની પણ વ્યવવસ્થા કરવામાં આવી છે કે જેથી કોઈ પણ પ્રકારની ભ્રામક માહિતી ન ફેલાય. સાથે જ, ડીએનએ સેંપલ કલેક્શનની ખાસ ટીમો અત્યંત સહાનુભૂતિ અને સંવેદનશીલતા સાથે તેવા પરિવારજનોનો વ્યક્તિગત રીતે સંપર્ક કર્યા હતા કે જેઓ કોઈ કારણસર સેંપલ આપવા માટે આવી નથી શક્યાં. રાજ્ય સરકારની તમામ ટીમો તરફથી એ સુનિશ્ચિતિ કરવાનો દરેક શક્ય પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે કે કોઈ પણ પરિવાર આ મહત્વની પ્રક્રિયાથી વંચિત ન રહે અને દરેક પીડિતને સન્માનપૂર્વક ઓળખ, ન્યાય તથા લાગણીશીલ સપોર્ટ પ્રાપ્ત થઈ શકે.

સિવિલ હોસ્પિટલમાં કસોટી ભવન ખાતે મૃતકોના ડીએનએ સેંપલ્સ તથા સ્ટાફિંગની પ્રક્રિયા સ્ટેટ કંટ્રોલ રૂમના સંકલનમાં ૨૪x૭ કાર્યરત છે.



અમદાવાદ વિમાન દુર્ઘટના : ૧૦૮ સેવાની સહરાનીય કામગીરી

# કર્ણાટક ખાતે એ.એચ.પી. નું કાર્યકર્તા સંમેલન યોજાયુ






કર્ણાટક હુડલી : આતંરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયાનુ હુડલી ખાતે એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં હુડલી શહેરમાં કાર્યકતાઓનુ સંમેલન યોજાયું હતું. તા. ૧૬/૬/૨૦૨૫ના રોજ આતંરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળ રાષ્ટ્રીય મહિલા પરિષદ ઓજોસવની વિવિધ પ્રકારના સંગઠનનું ડઢીકરણ કરવુ જોઈએ એ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આગામી દિવસોમાં રાષ્ટ્રીય મીટીંગ તારીખ ૨૧, ૨૨ જુન માસમાં બેંગલોર ખાતે યોજાશે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ, ઓજસ્વની રાષ્ટ્રીય છાત્ર પરિષદ, પદાધિકારીઓ તેમજ વિવિધ પ્રાંતીય પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. સૌરાષ્ટ્ર પ્રાંતમાં રાષ્ટ્રીય મીટીંગમાં સહભાગી થશે. સૌરાષ્ટ્ર પ્રાંત મહામંત્રીમા શંશીકાતભાઈ પટેલ, પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત રાષ્ટ્રીય બજરંગદળ અધ્યક્ષ વનરાજસિંહ, સૌરાષ્ટ્ર સંયુકત મહામંત્રી વસંતભાઈ પટેલ, સૌરાષ્ટ્ર પ્રાંત રાષ્ટ્રીય મહિલા પરિષદના અધ્યક્ષ ડો. સીમાબેન પટેલ, રાષ્ટ્રીય બજરંગદળ પ્રાંત મહામંત્રી જગદીશભાઈ વાદોડરીયા વિગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

### સેન્દ્રીય કાર્બન જમીનનાં સારા સ્વાસ્થ્યનું એક મુખ્ય તત્વ

## પાકની ઉત્પાદકતા અને જમીનની ફળદ્રુપતા વધારવામાં સેન્દ્રીય કાર્બનનું મુખ્ય યોગદાન

### બાયોમાસ ધરાવતા પાકો ઉગાડવાથી પણ કાર્બનનો સંગ્રહ વધારવામાં મદદ

**આલેખઃ ધર્મેશ વાળા**

અમરેલી, તા. ૧૭

આપણે વારંવાર એક વાકય જરૂર સાંભળીએ છીએ કે, જમીનની ફળદ્રુપતા સતત ઘટી રહી છે. પ્રાકૃતિક કૃષિમાં સેન્દ્રીય કાર્બનનું શું મહત્વ છે? જમીનમાં સેન્દ્રીય કાર્બન જમીનના સારા સ્વાસ્થ્યનું એક મુખ્ય તત્વ છે. અને આબોહવા પરિવર્તન, ખોરાક અને પોષણની અસુરક્ષાઓ અને અન્ય પર્યાવરણીય ચિંતાઓ સામેન લડવા માટેનું એક નવું શસ્ત્ર છે. પાકની ઉત્પાદકતા અને જમીનની ફળદ્રુપતા વધારવામાં સેન્દ્રીય કાર્બનનું મુખ્ય યોગદાન હોય છે.

સેન્દ્રીય કાર્બન એ કાર્બન છે જે સજીવો દ્વારા ઉત્પાદિત કોઈપણ સામગ્રીના આંશિક વિઘટન પછી જમીનમાં રહે છે. તે જમીનના કાર્બનિક પદાર્થોનો મુખ્ય ઘટક છે. એવી ધારણા છે કે, તે જમીનના ઘણા કાર્યો અને ઈકોલોજીકલ ગુણધર્મો માટે નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ, સ્થાનિક ઈકોલોજી, આબોહવાની સ્થિતિ, જમીનનો ઉપયોગ અને વ્યવસ્થાપન પર આધાર રાખે છે. ઓર્ગેનિક કાર્બન મુખ્યત્વે ટોચની જમીનમાં વધારે હોય છે. જમીનમાં રહેલા કાર્બનનું પ્રમાણ વાતાવરણમાં રહેલા કાર્બનની માત્રા કરતા બમણું હોય છે.

તમામ છોડ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને વૃદ્ધિ પામવા માટે તેમના પર્ણ મારફત સુર્યપ્રકાશ અને વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ લઈને પોતાના માટે ખોરાક (સ્ટાર્ચ) ઉત્પન્ન કરે છે. જમીનમાં રહેલ સેન્દ્રીય કાર્બન ટકાઉ ખેતીનો આધાર છે. જમીનમાં ફળદ્રુપતા જાળવવામાં સેન્દ્રીય કાર્બનની મુખ્ય ભૂમિકા છે. સેન્દ્રીય કાર્બન જમીનમાં વાયુ, પાણીની જાળવણીની ક્ષમતા, ડ્રેનેજ અને સુક્ષ્મ જીવાણુઓની વૃદ્ધિમાં સુધારો કરે છે. જેમ જેમ જમીનમાં સંગ્રહિત કાર્બન વધે છે તેમ તેમ લીચિંગ અને ધોવાણ દ્વારા પોષક તત્વોના નુકશાનનું જોખમ ઘટે છે. જયારે જમીનમાં કાર્બનનું પ્રમાણ વધે છે ત્યારે તે વાતાવરણમાં રહેલા કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ઘટાડે છે. જે છોડના વિકાસ માટે વધુ સારી આબોહવાની સ્થિતિ પુરી પાડે છે. જમીનમાં સેન્દ્રીય કાર્બનમાં વધારો થવાથી વધુ સ્થિર કાર્બન ચક્રનું નિર્માણ થાય છે અને એકંદરે કૃષિ ઉત્પાદકતામાં વધારો થાય છે.

પ્રાકૃતિક કૃષિમાં સેન્દ્રીય કાર્બન વધારવાના ઉપાયોમાં જીવામૃત અને ઘન જીવામૃતનું યોગ્ય પ્રમાણમાં અને સમયસર ઉપયોગ કરવાથી સોઈલ સેન્દ્રીય કાર્બનમાં વધારો થાય છે, વધુ બાયોમાસ ધરાવતા પાકો ઉગાડવાથી પણ કાર્બનનો સંગ્રહ વધારવામાં મદદ મળે છે, જમીનમાં આચ્છાદનનો વધારે ઉપયોગ કરવાથી જમીનમાં સેન્દ્રીય કાર્બનમાં વધારો કરી શકાય છે. પાકની ફેરબદલી, સંકલિત ખેતી પદ્ધતિ, કૃષિ વનીકરણની પદ્ધતિઓ પણ સેન્દ્રીય કાર્બન વધારવામાં મદદરૂપ નિવડે છે.

### ૬ વર્ષ બાદ વનડેમાં ફરી ટોચના સ્થાને પહોંચી

## સ્મૃતિ મંધાના બની દુનિયાની નંબર વન બેટ્સમેન

### સાઉથ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ડે તાજેતરની અપડેટ રેકિંગમાં ૧૯ રેટિંગ પોઇન્ટ્સ ગુમાવ્યા

નવીદિલ્હી, તા. ૧૭

ભારતની સ્ટાર બેટર સ્મૃતિ મંધાના વનડે ક્રિકેટમાં દુનિયાના નંબર વન બેટર બની ગઈ છે. મંધાનાએ છ વર્ષ બાદ ખોવાયેલું તાજ પરત મેળવ્યું છે.

ભારતની વાઈસ કેપ્ટન મંધાના પહેલીવાર ટોચના સ્થાને પહોંચી છે. સાઉથ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ડે તાજેતરની અપડેટ રેક્કિંગમાં ૧૯ રેટિંગ પોઈન્ટ્સ ગુમાવ્યા, જેનો ફાયદો ભારતીય બેટર સ્મૃતિ મંધાનાને મળ્યો અને તે ફરી એકવાર નંબર ૧ પર પહોંચી ગઈ.

મંધાનાના કુલ ૭૨૭ રેટિંગ પોઈન્ટ છે.

ત્યાર બાદ ઈંગ્લેડની કેપ્ટન નતાલી સાયવર-બ્રન્ટ ૭૧૯ પોઈન્ટ્સની સાથે બીજ સ્થાન પર છે. હવે વોલ્વાર્ડ ૭૧૯ પોઈન્ટ્સની સાથે ત્રીજા સ્થાન પર પહોંચી છે. મંધાના પછી આ યાદીમાં વધુ બે ભારતીય બેટર જેમિમા રોડ્રિગ્સ અને કેપ્ટન હરમનપ્રીત કૌર છે, જે ૧૪માં અને ૧૫માં સ્થાન પર છે.

ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે આ મહિનાની અંતમાં પાંચ ટી૨૦ અને ત્રણ વનડે મેચની સીરિઝ રમાશે. હાલના દિવસોમાં સ્મૃતિ મંધાના વનડે બેટરની યાદીમાં ટોપ ૧૦માં રહી હતી, પણ રાઈટહેન્ડ બેટર ૨૦૧૯ની શરૂઆતથી ટોચના સ્થાન પર નથી પહોંચી શકી. જોકે સ્મૃતિ હાલમાં ખૂબજ સારા ફૉર્મમાં રમી રહી છે અને તેના પરિણામે તેને તેની રેક્કિંગમાં સુધારો કરવામાં મદદ મળી. મંધાના T20 ઈન્ટરનેશનલ બેટ્સવુમનની યાદીમાં પણ ચોથા સ્થાને છે.

### મુસાફર વર્ગમાં માંગ ઉભી થઈ

## ધારી–ભાવનગર વાયા દામનગર અને ગોંડલ–ભુરખીયા રૂટની બસ શરૂ કરો

### વિભાગીય નિયામક યોગ્ય કરે તે જરૂરી



દામનગર, તા. ૧૭

દામનગર બંધ કરાયેલ ધારી–ભાવનગર વાયા દામનગર બસ શરૂ કરવા અને ગોંડલ–ભૂરખીયા બસને દામનગર સુધી લંબાવવા મુસાફરોની માંગ છે. એસ. ટી. તંત્ર એ કોઈપણ જાતનાં કારણ વગર ગ્રામ્ય વિસ્તારની બસો સારી આવક મળતી હોવા છતાં બંધ કરી દેવામાં આવતા, લોકોને ના છુટકે ખાનગી વાહનોમાં બેસીને જોખમી મુસાફરી પડતી હોય. એસ. ટી. તંત્રના અણઘડ વહીવટથી નુકશાન થઈ રહ્યું છે. દામનગર શહેરમાં અંદાજે રૂ. ૯૦ લાખનાં ખર્ચે નવું બસ સ્ટેન્ડ તો બનાવ્યું છે, પરંતુ લાંબા રૂટની બસ બંધ કરી દેવાઈ છે. અમરેલી વિભાગનાં ધારી ડેપોની સવારે ૭:૩૦ સાત વાગે ઉપડતી ધારી–ભાવનગર વાયા લાઠી, ભૂરખીયા (પવિત્ર યાત્રાધામ) દામનગર, ધ્રુફણીયા, મોટા–નાના ઉમરડા, લીમડા લોકલ બસના આ વર્ષો જુના અને ત્રણ જીલ્લાના ગામડાના લોકોને આવરી લેતા આ સારી આવક રળી આપતી આ બસને છેલ્લાં ચાર મહિનાથી કોઈપણ જાતનાં કારણ વગર બંધ કરી દેવાતાં, કાયમ અવર–જવર કરતાં મુસાફરોને બે–ત્રણ જગ્યાએ બદલીને જવું પડતું હોય. આર્થિક અને સમયનો વ્યય થાય છે. તેમજ ગોંડલ ડેપોની ગોંડલ–ભૂરખીયા (હનુમાનજી મંદિર) તા. લાઠી બસને માત્ર છ કિ.મી. નજીક આવેલ દામનગર સુધી લંબાવવામાં આવે એવી મુસાફર વર્ગમાંથી માંગ ઉઠી છે. એસ. ટી.ના અધિકારીઓ આ બંને બસ માટે પોતાનાં અધિકારનો ઉપયોગ કરી જનતાની વ્યાજબી માંગને પુરી કરે. અધિકારીઓએ અને ચૂંટાઈને આવેલા તમામ લોકોનાં સેવકોએ લોકોની માંગ પુરી કરવી જોઈએ. સરકાર અને પાંચ વર્ષ માટે ચૂંટાતા સેવકોએ પ્રશ્નો હલ કરવા જોઈએ તો જ સાચા અર્થમાં લોકશાહી કહેવાય.

### કનપ્પાનું ટ્રેલર રિલીઝ

## અક્ષય કુમારના 'મહાદેવ', પ્રભાસના રૌદ્ર રૂપની ચર્ચા

મુંબઈ, તા. ૧૭

ડાયનામિક હીરો વિષ્ણુ માંચૂનો ડ્રીમ પ્રોજેક્ટ ગણાતી ફિલ્મ કનપ્પાનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મ મલ્ટી સ્ટારર હોવાથી ફેન્સમાં તેની આતુરતા જોવા મળી રહી છે. ૧૪ જૂને સાંજે ફિલ્મનું ધમાકેદાર ટ્રેલર રિલીઝ થયું હતું. આ ફિલ્મમાં બોલિવૂડનો ખેલાડી અક્ષય કુમાર મહાદેવની ભૂમિકામાં જોવા મળે છે. જ્યારે પ્રભાસ રૂદ્ર અવતારમાં ડેશિંગ લાગી રહ્યો છે. આ બંને ફિલ્મની મુખ્ય હાઈલાઈટ હોવાનું જણાય છે. મંચૂ વિષ્ણુ લાંબા સમયથી તેની ફિલ્મ કનપ્પાને લઈને ઉત્સાહ દર્શાવી રહ્યા છે. વિષ્ણુ આ ફિલ્મમાં થિન્નાડુનો રોલ કરી રહ્યો છે, જેને ભક્ત કનપ્પાના નામે પણ ઓળખવામાં આવે છે. વિષ્ણુને એક નીડર યોદ્ધા તથા ધર્નુધારી તરીકે દર્શાવાયો છે જે ભગવાન શિવનો પરમ ભક્ત બને છે. ટ્રેલરમાં અક્ષય કુમાર ભગવાન શિવના રોલમાં છે જેને ફેન્સે ખૂબ જ પસંદ કર્યા હોવાનું લાગી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે 'સ્ત્ર-૨ બાદ અક્ષય મહાદેવની ભૂમિકામાં વધુ એક વખત સફળ થઈ શકે છે. આ ફિલ્મમાં સાઉથના સુપરસ્ટાર મોહનલાલ પણ છે જે કિરાતાના રોલમાં નજરે પડશે. ૨૭ જૂને આ ફિલ્મ થિયેટરોમાં રિલીઝ થશે. કનપ્પાની રિલીઝ તારીખ નજીકમાં છે ત્યારે તેને લઈને માર્કેટિંગ માટે સંખ્યાબંધ કાર્યક્રમોની તૈયારી પણ પૂર્ણ કરવામાં આવી છે. ટ્રેલરને ફેન્સનો નોંધપાત્ર રિસ્પોન્સ મળ્યો છે અને સોશિયલ મીડિયા પર તેની ચર્ચાઓ કરી રહ્યા છે. બીજીતરફ કેટલાકે આ ફિલ્મના ટ્રેલરની તુલના ભક્તિ સીરિયલ સાથે કીરને ટીકા કરી હતી. એક યુઝરે ટ્વીટ કરીને કહ્યું કે- મહાદેવના રૂપમાં ખેલાડી અને રૂદ્રના રોલમાં ડેશિંગ પ્રભાવ, બંનેનો અણધાર્યો સહયોગ. કનપ્પા અક્ષય કુમરાની સૌપ્રથમ તેલુગુ ફિલ્મ છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરામાં ૧૦ મહિના પહેલા**

આરોપીઓએ એક સંપ કરી ગેરકાયદે મંડળી રચી હથિયારો ધારણ કરી આધેડ તથા તેના દીકરા સાકીર પાસે આવી ગાળો આપી પોલીસ ફરિયાદ કેમ કરી તેમ કહી આરોપીએ આધેડને પગમાં તથા માથામાં લોખંડના પાઈપના ઘા મારી તેમજ આધેડના દીકરા સાકીરને લોખંડના પાઈપ, લાકડી તથા ધોકા વડે આધેડ સહિતનાને માર મારી આરોપીઓએ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ૧૦ સામે ફરિયાદ નોંધાઈ છે.

તો સામાપક્ષે ઈલ્યાસભાઈ અજીતભાઈ કાળવાતર નામના ૫૦ વર્ષિય વેપારીએ આ જ બનાવમાં સામાવાળા અબ્દુલકાદરભાઈ હબીબભાઈ કાળ વાતર સહિત ૪ ઈસમો સામે વેપારી આધેડને પકડી રાખી આરોપીઓએ ડાબા હાથ ઉપર લોખંડના પાઈપનો એક ઘા મારી ફ્રેકચર કરી તથા તલવાર વડે માથામાં એક ઘા મારી ઈજા કરી ચારેય આરોપીઓએ વેપારી તથા મુસ્તફાભાઈ તથા અરશદભાઈને ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** મુળ માવજીંજવા નિવાસી અને હાલ અમરેલી સ્વ. મંજુલાબેન ધીરજલાલ ઠાકર (ઉ.વ. ૯૦) તે યોગેશભાઈ, પ્રકાશભાઈ, બિપીનભાઈ, ચંદ્રીકાબેન મહેતા તથા નયનાબેન રાવલનાં માતુશ્રીનું તા. ૧૫ રવિવારનાં રોજ અવાસન થયેલ છે.

સદગતનું બેસણું તા. ૧૯ ગુરૂવારના રોજ સવારે ૯ થી સાંજના ૬ સુધી પ્રાર્થના હોલ, જુનો ચોરો, જેશીંગપરા શેરી નં. ૨ અમરેલી ખાતે રાખેલ છે.

## સુરજવડી સિંચાઈ યોજના ડેમમાં પાણીની આવક વધતા ઓવરફ્લો દોલતી અને ઘાંડલા ગામોના લોકોને નદીના પટમાં અવર જવર ન કરવી

અમરેલી, તા. ૧૭

તા. ૧૬ જૂન, ૨૦૨૫ને સોમવારના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના લુવારા ગામ પાસે સૂરજવડી નદી ઉપર આવેલા સૂરજવડી સિંચાઈ યોજનામાં ડિઝાઈન સ્ટોરેજના ૧૦૦ ટકાથી વધુ પાણી ભરાયેલું છે. આથી, ડેમમાં પાણીની આવક વધતા ૦.૩૦ મી. ઓવરફલો થયો છે. જેનો પ્રતિ સેકન્ડ પ્રવાહ ૫,૯૬૦ કયુસેક છે.

સુરજવડી નીચાણ વાસના ગામો (૧) દોલતી અને (૨) ઘાંડલા ગામોના લોકોને નદીના પટમાં અવર જવર ન કરવા તથા સાવચેત રહેવા ચેતવણી આપવા અમરેલી ફલડ સેલ વાયરલેસ ઓપરેટર દ્વારા સૂચના આપવામાં આવી છે.

**Name has been changed**

I hereby declare, **VINODKUMAR ISHWARPURI GOSAI,.** My old name is **VINODKUMAR ISHVARPURI GOSAI,** has been replaced by **VINODKUMAR ISHWARPURI GOSAI.** So henceforth I am known by this name.

પાના ૧ ઉપરનું ચાલું **સામાન્ય વરસાદ નોંધાયો**

કેટલાંક ખેડુતોને વાડીમાં પાણી હોય અને અગાઉના વરસાદ પછી વાવણી કરી હોય તેવા પાકને આ વરસાદ ખુબ જ ફાયદાકારક બન્યો છે.

ત્યારે આજે સવારે ૬ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધીમાં લાઠીમાં ૨૪ મી.મી., લીલીયામાં ૨૦ મી.મી., બાબરામાં ૩ મી.મી., અમરેલી ૬ મી.મી., બગસરા ૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા પંથકમાં ૨ દિવસમાં**

પાણીના પ્રવાહમાં કાર ફસાઈ જતાં અંદર બેઠેલા ત્રણ લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. કારમાંથી કલ્પેશભાઈ સહિતના લોકો બહાર બોનેટમાં બેસી કન્ટ્રોલમાં ફોન કરતા તાત્કાલિક અસરથી પોલીસ, ૧૦૮, ફાયર વિભાગનાં લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ૧૦૮ના મહિલા ડોકટર ધ્વારા ત્રણ લોકોની જિંદગી બચાવી હતી.

અહીં તંત્ર ધ્વારા રાત્રે ત્રણ વાગે સ્થાનિક લોકોની મદદથી નદીમાં દોરડું બાંધી બહાર કાઢવામાં આવ્યા હતા અને ત્યારબાદ ૧૦૮ મારફતે અહી સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી.

બાબરામાં તા. ૧૬નાં સવારથી મોડી રાત સુધી ધીમી ધારે જોરદાર વરસાદ પડયો હતો જેના કારણે કાળુભાર નદીમાં પુર આવ્યું હતું તેમજ અન્ય તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ નદીઓમાં પાણી વહેતા થયા હતા તો કયાંક બે કાંઠે નદી વહેતી થઈ હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૦ | ૧૦૬૩ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૪૯ | ૧૦૪૯ |
| ૩ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૦૯૨ |
| ૪ | શિંગદાણા | ૧૩૬૫ | ૧૫૦૫ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૦૮૦ | ૧૪૫૬ |
| ૬ | તલ સફેદ | ૧૨૯૫ | ૨૨૨૫ |
| ૭ | તલ કાળા | ૨૧૦૦ | ૩૧૯૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૨૦૩ |
| ૯ | બાજરો | ૩૧૦ | ૪૦૭ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૮ | ૫૪૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ૧૨ | મગ | ૧૧૬૫ | ૧૩૬૦ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૦૬૨ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૬૮ | ૧૦૬૮ |
| ૧૫ | તુવેર | ૧૧૦૦ | ૧૨૩૨ |
| ૧૬ | કપાસ | ૯૪૦ | ૧૫૬૭ |
| ૧૭ | જીરૂ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૮ | ધાણી | ૧૦૦૦ | ૧૨૭૭ |
| ૧૯ | અજમા | ૧૫૭૫ | ૧૫૭૫ |
| ૨૦ | મેથી | ૭૬૦ | ૮૧૫ |
| ૨૧ | વરીયાળી | ૧૨૯૦ | ૧૨૯૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૦૫ | ૯૭૬ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૯૦ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ૫ | મગ | ૧૦૯૦ | ૧૨૫૫ |
| ૬ | શીંગ દાણા | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ૭ | સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |
| ૮ | ચોળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | બાજરો | ૩૫૫ | ૩૫૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૬૭ |
| ૩ | તલ કાળા | ૨૨૦૦ | ૩૦૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ૬ | બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| ૭ | મગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૮ | ચણા | ૧૦૬૦ | ૧૧૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૮૯ |
| ૪ | ચોળી | ૧૧૦૦ | ૧૬૩૫ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૬ | તુવેર | ૯૨૦ | ૧૧૪૦ |
| ૭ | શીંગફાડા | ૯૦૦ | ૧૩૨૦ |
| ૮ | મગફળી | ૯૫૦ | ૯૫૦ |
| ૯ | તલ સફેદ | ૧૦૦૫ | ૧૮૭૦ |
| ૧૦ | સોયાબીન | ૬૫૦ | ૮૦૪ |
| ૧૧ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ૧૩ | અડદ | ૧૩૧૫ | ૧૩૧૫ |
| ૧૪ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| ૧૫ | તલ કાળા | ૧૦૦૦ | ૨૦૫૫ |
| ૧૬ | એરંડી | ૧૧૫૫ | ૧૧૫૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૬૦ | ૧૦૬૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૮૦ | ૧૯૧૦ |
| ૩ | તલ કાળા | ૨૫૪૫ | ૩૦૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૦૦૫ |
| ૨ | તલ સફેદ | ૧૦૭૧ | ૧૬૭૧ |
| ૩ | તલ કાળા | ૨૧૨૨ | ૨૧૨૨ |
| ૪ | તલ પીળા | ૧૪૦૦ | ૧૫૦૧ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૫૧૦ |
| ૬ | બાજરો | ૩૩૦ | ૫૧૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૫૧ | ૪૯૫ |
| ૮ | જુવાર | ૩૨૬ | ૮૬૫ |
| ૯ | મગ | ૧૧૩૧ | ૧૩૬૬ |
| ૧૦ | અડદ | ૯૦૦ | ૧૩૦૭ |
| ૧૧ | તુવેર | ૧૧૨૬ | ૧૨૧૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | મેથી | ૮૫૧ | ૮૮૦ |
| ૧૪ | સોયાબીન | ૭૮૫ | ૮૧૦ |
| ૧૫ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | શીંગદાણા | ૧૩૬૦ | ૧૪૪૧ |

વીમો પકવવા માટે બનાવટી અકસ્માતો સર્જ્યા!

# કેનેડામાં ભારતીય બિઝનેસમેન પાસે ખંડણી ઉઘરાવતી ગેંગ પકડાઇ

**કેનેડાની પોલીસે તાજેતરમાં ૧૮ ગુનેગારોની ધરપકડ કરીને એમની સામે ૧૦૦ જેટલા આરોપો લગાડ્યા છે**

કેનેડા,તા.૧૭

વિદેશમાં વસતા ભારતીયો બહુ શિસ્તબદ્ધ રીતે જીવતા હોય છે અને ખૂબ સારી આર્થિક સ્થિતિ ધરાવતા હોય છે, એવી એક માન્યતા છે. જો કે, પીળું હોય એ બધું સોનું નથી હોતું એ ન્યાયે વિદેશમાં વસી ગયેલા ભારતીયો પણ અવળા ધંધામાં લાગેલા હોય, એવું બને છે. તાજેતરમાં સામે આવેલા એક ચોંકાવનારા કિસ્સાએ આ બાબત સાબિત કરી છે. કેનેડાના 'પીલ' અને 'ગ્રેટર ટોરોન્ટો એરિયા' માં ભારતીય બિઝનેસમેનને લક્ષ્ય બનાવીને ખંડણી ઉઘરાવવાના અને વીમા કૌભાંડ કરવાના અનેક ગુના બન્યા છે, જેમાં ભારતીયો જ સંડોવાયેલા હોવાનું માલુમ પડ્યું છે. કેનેડાની પોલીસે તાજેતરમાં ૧૮ ગુનેગારોની ધરપકડ કરીને એમની સામે ૧૦૦ જેટલા આરોપો લગાડ્યા છે. ઝડપથી નાણાં રળવાની લાયમાં ઊંધે પાટે ચઢી ગયેલી આ ટોળકી સમૃદ્ધ ભારતીય બિઝનેસમેનને લક્ષ્ય બનાવવાની યોજના ઘડતી હતી. ભારતીય મૂળના બે યુવાનો પરિતોષ ચોપરા અને ઈન્દ્રજીત ધામી 'હમ્બલ રોડસાઈડ' અને 'સર્ટિફાઈડ રોડસાઈડ' નામની ટોઈંગ કંપની ચલાવતા હતા અને કંપનીના કામની આડમાં ગોરખધંધા કરતા હતા. આ કામમાં તેમના બીજા ૧૬ સાથીદાર હતા. આ તમામ પર ખોટી રીતે વાહનો ટૉ કરવા, ડ્રાઈવરોને ધાકધમકી આપવી, વાહનોનો વીમો પકવવા બનાવટી અકસ્માતો કરાવવા, ચાલુ વાહને બંદૂક ચલાવવા, આગ લગાડવી જેવા ૧૦૦ આરોપો લગાડવામાં આવ્યા છે. આ ગેંગ કેનેડાના બ્રેમ્પટન શહેરની છે. એકાદ ડઝન નકલી અકસ્માત કરાવીને આ ગેંગે કુલ ૧ મિલિયન કેનેડિયન ડોલર (૬.૩ કરોડ રૂપિયા) જેટલી રકમની છેતરપિંડી વીમા કંપનીઓ સાથે કરી હતી. જુલાઈ ૨૦૨૪માં તેમની વિરુદ્ધ પોલીસ તપાસ શરૂ કરાઈ હતી અને ૧૦ જૂનના રોજ ગુનેગારોની ધરપકડ કરાઈ હતી. પોલીસે ગુનેગારોની ૪.૨ મિલિયન ડોલરથી વધુની સંપત્તિ જપ્ત કરી હતી, જેમાં ૨.૮ મિલિયન ડોલરની કિંમતના ૧૮ નંગ ટૉ ટ્રક, ૪ મોંઘા વ્યક્તિગત વપરાશ માટેના વાહનો, ૫ ચોરાયેલી કાર, ૬ બંદૂક, ૫૮૬ ગોળી, ૨ બુલેટપ્રૂફ જેકેટ અને અન્ય શસ્ત્રોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટને 'પ્રોજેક્ટ આઉટસોર્સ' નામ અપાયું હતું. ગુનેગારો પૈકીના મોટાભાગના ભારતીયો : 'પ્રોજેક્ટ આઉટસોર્સ' અંતર્ગત ધરપકડ કરાયેલા લોકોમાં 'કિંગ સિટી'ના ૩૭ વર્ષના મહિલા આરોપી 'હાલેહ જાવડી તોરાબી' સિવાય બાકીના તમામ બ્રેમ્પટનના રહેવાસી છે. આ લોકોમાં ઈન્દ્રજીત ધામી (ઉં. ૩૮), પરિતોષ ચોપરા (૩૨), ગુરબિંદર સિંહ (૨૮), કુલવિંદર પુરી (૨૫), પરમિન્દર પુરી (૩૧), ઈન્દ્રજીત બાલ (૨૯), વરુણ ઓલ (૩૧) , કેતન ચોપરા (૩૦), નોર્મન તાઝેહકાંડ (૩૨), પવનદીપ સિંહ (૨૫), દિપાંશુ ગર્ગ (૨૪), રાહુલ વર્મા (૨૭), મનકીરત બોપરાઈ (૨૨), સિમર બોપરાઈ (૨૧), જોવાન સિંહ (૨૩), અભિનવ ભારદ્વાજ (૨૫), કરણ બોપરાઈ (૨૬) સામેલ છે. આ ૧૮ લોકોને એકથી વધુ ગુના હેઠળ પકડવામાં આવ્યા છે. આ પૈકીના અનેક અન્ય કોઈ કારણસર જેલમાં હતા અને જામીન પર છૂટેલા હતા. આ હકીકત સામે આવતાં હવે કેનેડાની જેલોમાંથી ગુનેગારોને અપાતી જામીનના નિયમો કડક કરવાની માંગ ઊઠી છે. આ કેસમાં પોલીસ તપાસ હજુ ચાલુ જ છે, પરંતુ પોલીસને આશા છે કે આગામી દિવસોમાં હજુ વધુ કેટલાક ગુનેગારો ઝડપી લેવામાં આવશે.

મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને બેઠક મળી

# ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠક મળી

**રાજ્યમાં ૬ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહ ઉજવી સંસ્કૃતમય વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો હાથ ધરાશે**

ગાંધીનગર,તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યનાં જન માનસમાં પ્રચાર-પ્રસાર દ્વારા પ્રાચીનતમ ભાષા સંસ્કૃતને પ્રોત્સાહન તેમજ જતન-સંવર્ધન માટે યોજના પંચકમ લોંચ કરી હતી.

મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં તેમણે બોર્ડના લોગોનું અનાવરણ પણ શિક્ષણ મંત્રી ડો. કુબેર ડીંડોર અને સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ ડો. હિમાંજય પાલીવાલની ઉપસ્થિતિમાં કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ''વિરાસત ભી, વિકાસ ભી''નો મંત્ર આપ્યો છે. આ મંત્રને આપણી પ્રાચીન ભાષા સંસ્કૃતના સમાયાનુકૂળ સંવર્ધન અને પ્રચાર-પ્રસારથી પાર પાડવા રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાપના ૨૦૨૦માં કરેલી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત ભાષા અને સાહિત્યનો વ્યાપક પ્રચાર થાય અને આ પ્રાચીન ભાષા જન-જન સુધી પહોંચે તેવા હેતુસર સંસ્કૃત સપ્તાહોત્સવ, સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના, સંસ્કૃત પ્રોત્સાહન યોજના અને શ્રીમદ્ ભગવત ગીતા યોજના તથા શત સુભાષિત કન્ઠ પાઠ યોજના એમ યોજના પંચકમ્ પ્રથમ ચરણમાં લોંચ કરવામાં આવી છે.

આ યોજના પંચકમ્ માં જે પાંચ યોજનાઓ સમાવિષ્ટ છે. તેમાં સંસ્કૃત સપ્તાહોત્સવ યોજના અન્વયે તા. ૬/૮/૨૦૨૫ થી તા. ૧૩/૮/૨૦૨૫ ના સપ્તાહ દરમિયાન સમગ્ર ગુજરાતમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અન્ય સંગઠનો દ્વારા ઉજવણી કરવામાં આવશે.સમગ્ર વાતાવરણ સંસ્કૃતમય બને તેવા પ્રયત્નો કરવામાં આવશે. દર વર્ષે શ્રાવણ સુદ પૂનમ (રક્ષાબંધન) ને સંસ્કૃત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે તા. ૯/૮/૨૦૨૫ને શનિવારના રોજ સંસ્કૃત દિવસ છે તેના ઉપલક્ષ્યમાં આ સપ્તાહ ઉજવાશે.સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજનાઃ સંસ્કૃતભાષા અને સાહિત્યના પ્રચાર પ્રસાર માટે કાર્યશાળા, સંમેલન, પ્રશિક્ષણ, નવાચાર, સમારોહ, સંશોધન જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે દરખાસ્ત કરનાર સંસ્થાને બોર્ડ જરૂરી નાણાકીય સહાય કરશે. સંસ્કૃત પ્રોત્સાહન યોજનાઃ જે માધ્યમિક શાળામાં ધોરણ ૧૦ માં નોંધાયેલી સંખ્યા ૧૦૦થી ઉપર હોય તેવી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી તમામ વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરે તો બોર્ડ દ્વારા જેતે સંસ્થાને નાણાંકીય સહાય આપવામાં આવશે. શ્રીમદ ભાગવદ ગીતા યોજનાઃ આ યોજના અંતર્ગત ગુજરાતના અબાલવૃદ્ધ સૌ વૈશ્વિકગ્રંથ શ્રીમદ્ ભગવદગીતાથી પરિચિત થાય તે માટે પ્રયત્ન હાથ ધરાશે.શત સુભાષિત કન્ઠ પાઠ યોજનાઃ માનવીય મુલ્યોના નૈતિક વિકાસ માટે ૧૦૦ સુભાષિત લોક સમુદાયમાં ઉત્તમ નાગરિક ઘડતર માટે મુકવામાં આવશે.

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ બોર્ડની પ્રવૃત્તિઓનું પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારની સંસ્કૃત સંબંધિત નીતિઓ અને યોજનાઓના અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે કાર્યરત આ બોર્ડની પ્રવૃત્તિઓના વ્યાપ અને ભવિષ્યલક્ષી આયોજનો અંગે પણ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.મુખ્ય સચિવ પંકજ જોષી, શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમર, શિક્ષણ અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર, નાણાં વિભાગના અગ્ર સચિવ ટી નટરાજન, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી દિલીપ રાણા, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ શ્રી પંડ્યા તેમજ બોર્ડના ખાસ ફરજ પરના અધિકારી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા.

હમાસનો ઈઝરાયલ પર આરોપ

# ભોજન માટે કતારમાં ઊભા હતા અને ગોળીબાર થયો

**ઈઝરાયલની ટેન્ક દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરાતાં ૪૫ પેલેન્સ્ટાઈન નાગરિકોના મોત થયા છે સેકડો ઘાયલ થયા**

ઈઝરાયલ,તા.૧૭

ગાઝા પટ્ટીના દક્ષિણ શહેર ખાન યુનિસમાં ઈઝરાયલની ટેંકો દ્વારા અંધાધૂધ ગોળીબાર કરાતાં ૪૫ પેલેન્સ્ટાઈન નાગરિકોના મોત થયા છે. સેકડો ઘાયલ થયા છે. આ દાવો હમાસ દ્વારા સંચાલિત ગાઝા સ્વાસ્થ્ય મંત્રાલયે કર્યો હતો. મંત્રાલયના જણાવ્યા અનુસાર, અલ-તહલિયા ચાર રસ્તા પર લોકો ભોજન સેવા આપવા આવતી ટ્રકોની રાહ જોઈ રહ્યા હતાં. ત્યાં અચાનક ઈઝરાયલની ટેંકો દ્વારા અંધાધૂધ ગોળીબાર થતાં લોકો માર્યા ગયા હતા. મૃતકોની સંખ્યા વધવાની આશંકા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ઈઝરાયલની ટેંકોએ ખાન યુનિસમાં રસ્તા પર ઉભેલી ભીડ પર અંધાધૂધ ગોળીબાર કર્યો હતો. જ્યાં હજારો લોકો ભોજન અને અન્ય આવશ્યક સામગ્રીની સહાય આપવા આવતી ટ્રકોની રાહ જોઈ રહ્યા હતા. આ હુમલામાં અનેક લોકો ગંભીર રૂપે ઘવાયા હતા. તેમને નાસર હોસ્પિટલ અને અન્ય ચિકિત્સા કેન્દ્રોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સમુદાય પાસે તાત્કાલિક ધોરણે સહાયતાની અપીલ કરી છે. કારણકે, ઈમરજન્સી, અને જટિલ ઓપરેશનની જરૂરિયાત વધી છે. એક પણ ઓપરેશન રૂમ ખાલી નથી.ઘટનાસ્થળે ઉપસ્થિત પ્રત્યક્ષદર્શીઓ કહ્યું કે, સવારના સમયે લોકો મદદ માટે આવી રહેલી ટ્રકોની રાહ જોઈ રહ્યા હતાં. ત્યાં અચાનક ટેંકોએ ગોળીબાર શરૂ કર્યા હતાં. એક સ્થાનિક પત્રકારે જણાવ્યું કે, ઈઝરાયલી ટેંકો અલ-અલમ ચાર રસ્તા પર પહોંચ્યા હતાં અને અચાનક ભીડ પર ગોળીબાર શરૂ કર્યો હતો. જેના લીધે રસ્તા પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈજાગ્રસ્તો અને મૃતકોને જેમ-તેમ કરીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતાં. ઈઝરાયલના નિયંત્રણના કારણે બચાવ ટુકડી ઘટનાસ્થળ સુધી પહોંચી શકી ન હતી.

ઈઝરાયલની સેના (IDF)એ આ ઘટના પર તાત્કાલિક ધોરણે સત્તાવાર કોઈ ટીપ્પણી કરી નથી. ઈઝરાયલે અગાઉ દાવો કર્યો હતો કે, તેમના સૈનિકોએ માત્ર એલર્ટના ભાગરૂપે ગોળીબાર કર્યો હતો. તથા સંદિગ્ધો પર કાર્યવાહી હાથ ધરી હતી. ગાઝામાં સહાયતા વિતરણ સ્થળો પર હાલ અનેક ઘટનાઓ બની છે. જ્યાં ઈઝરાયલની સેનાએ હમાસ દ્વારા માનવીય સહાયતાની ચોરીનો આરોપ મૂક્યો હતો. જો કે, હમાસે આરોપ ફગાવ્યો હતો.

૧૬ લોકોને બચાવી લેવાયા

# અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં બિલ્ડિંગ ધરાશાયી

**આ અંગે અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસને કોલ મળતા જ બચાવકાર્ય શરૂ કરાયું હતું**

અમદાવાદ,તા.૧૭

શાહીબાગના દૂધેશ્વર વિસ્તારમાં મોદીની ચાલી અને મહાકાળી મંદિર નજીક આવેલી ધર્મી સોસાયટીમાં ત્રણ માળની જર્જરિત રહેણાક ઈમારતનો એક હિસ્સો મંગળવારે ધરાશાયી થઈ ગયો હતો. આ અંગે અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસને કૉલ મળતા જ બચાવકાર્ય શરૂ કરાયું હતું.

આ ઈમારત જે ૪+૩ તરીકે વર્ગીકૃત કરાયેલું છે, જેના ત્રીજા માળે પતરાંનો શેડ આવેલો છે જેમાં તિરાડો પણ હતી અને બાંધકામ પણ નબળું પડી ગયું હતું. છેવટે આ ઘટનામાં અગાશી અને સીડીનો ભાગ તૂટી પડ્યો હતો, જેના કારણે બીજા માળનો હિસ્સો પણ તૂટ્યો હતો. સદનસીબે, ફાયર બ્રિગેડે અહીં રહેતા તમામ લોકોને ઝડપથી નીચે ઉતારી દેતા કોઈ જાનહાનિ થઈ ન હતી. શાહપુર ફાયર સ્ટેશનના ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર, અમે જોખમી ઈમારતમાંથી ૧૬ લોકોને તાત્કાલિક બહાર કાઢીને સુરક્ષિત સ્થળે ખસેડી દીધા હતા. આ ઈમારત લાંબા સમયથી નાજુક સ્થિતિમાં હતી. સ્થાનિક સત્તાધિકારીઓને પણ આ જોખમ વિશે સૂચના અપાઈ હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ ઈમારતના બાકીના ભાગનું પણ નિરીક્ષણ કરીને તેને તોડી પાડવાનું કામ શરૂ કરી શકે છે. ખાસ કરીને ચોમાસું બેસી ગયું હોવાથી શહેરની તમામ જૂની ઈમારતોમાં રહેતા લોકોને સ્થાનિક વોર્ડ ઓફિસોમાં જાણ કરવા વિનંતી કરી છે.

૧૬ લોકોને રેસ્ક્યૂ કરી સલામત સ્થળે ખસેડ્યા

૧. કાજલબેન સુથાર (૨૩)
૨. મેમણ શબનમ બાનું (૩૬)
૩. ઝૈતુન બીબી મેમણ (૭૦)
૪. અશોકભાઈ વર્મા (૪૫)
૫. હાર્દિકભાઈ વર્મા (૨૩)
૬. ખુશી વર્મા (૨૦)
૭. રીકી વર્મા (૪૧)
૮. રેહાન અકબર મોવર (૨૨)
૯. ફરહાન અકબર મોવર (૭)
૧૦. સકીના અકબર મોવર (૩૦)
૧૧. મેમણ મોહમ્મદ ઝૈદ (૧૬)
૧૨. મુસ્કાન બાનું શેખ (૨૫)
૧૩. સનાબાનું શેખ (૧૭)
૧૪. સમા બાનું મુસ્તાકીમ શેખ (૨૨)
૧૫. મુસ્તાકીમ શેખ (૨૫)
૧૬. મોહમ્મદ અયાન (૯ મહિના)

ફરી એક બેરોજગાર ઝવેરીએ આત્મહત્યા કરી

# સુરતનાં વરાછામાં વધુ એક રત્નકલાકારે જીવન ટૂંકાવ્યું

**૨૨ વર્ષીય કેવલ બાબુભાઈ મકવાણાએ ઝેર પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો**

સુરત,તા.૧૭

સુરતનો હીરા ઉદ્યોગ બે વર્ષથી વધુ સમયથી મંદીમાંથી પસાર થઈ રહ્યો છે. આ મંદીનો સૌથી ખરાબ પ્રભાવ ઝવેરીઓ પર પડી રહ્યો છે. જેમાં બેરોજગારીનો સામનો કરી રહેલા ઝવેરીઓ આત્મહત્યાનું પગલું ભરી રહ્યા છે. ફરી એક બેરોજગાર ઝવેરીએ આત્મહત્યા કરી છે. વરાછા વિસ્તારના રહેવાસી ૨૨ વર્ષીય કેવલ બાબુભાઈ મકવાણાએ ઝેર પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. તેને પહેલા પ્રાથમિક સારવાર માટે સ્મીમર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ખાનગી હોસ્પિટલમાં અને પછી સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. પરંતુ, તેની હાલત સતત બગડતી રહી અને અંતે સારવાર દરમિયાન કેવલનું મૃત્યુ થયું. કેવલ ઘરેણાંનું કામ કરતો હતો. તે પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે સખત મહેનત કરતો હતો. તેણે ઘરેણાંમાં નોકરી ગુમાવી દીધી. જેના કારણે આર્થિક સંકટ હતું. કેવલ માનસિક તણાવમાં હતો. આ કિસ્સામાં, આત્મહત્યાનું કારણ આર્થિક સંકટ હોવાનું માનવામાં આવી રહ્યું છે, જોકે વરાછા પોલીસે ઘટનાની વધુ તપાસ કરી છે અને સત્તાવાર નિવેદન બાદ વધુ માહિતી બહાર આવશે. આ ઘટનાએ ફરી એકવાર રત્ન ઉદ્યોગમાં કામદારોની અસુરક્ષા અને માનસિક તણાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

આમિરની ફિલ્મ 'સિતારેં ઝમીન પર' રિલીઝ થશે

# તૂર્કીયેનો બહિષ્કાર કર્યો, એ બિલકુલ યોગ્ય છેઃ આમિર

**આમિરે તેની જુની તૂર્કીયેના રાષ્ટ્રપતિ અને તેમના પત્નીની મુલાકાત અને તેના કારણે થયેલા વિરોધ અંગે પણ આમિરે સ્પષ્ટતા કરી**

મુંબઈ, તા.૧૭

ઓપરેશન સિંદૂર અને તેના પછીની ઘટનાઓ બાદ ટર્કીના ઉત્પાદનો અને પ્રવાસનનાં બહિષ્કારની ખુબ ચર્ચાઓ થઈ હતી. એ વખતે આમિર ખાનનો એક જુનો વીડિયો પણ વાયરલ થયો હતો, જેમાં તેણે તૂર્કીયેના રાષ્ટ્રપ્રમુખના વખાણ કર્યા હતા અને તેમનાં પત્નીને તે મળવા પણ ગયો હતો. ત્યાર પછી આમિર ખાનની ફિલ્મના બહિષ્કારની પણ ચર્ચા થઈ હતી. હવે જ્યારે તેની ફિલ્મ 'સિતારેં ઝમીન પર' રિલીઝ થઈ રહી છે, ત્યારે આમિર વિવિધ ચેનલ અને પ્લેફોર્મ પર ફિલ્મના પ્રમોશન માટે ઈન્ટરવ્યુ આપી રહ્યો છે.તાજેતરના એક ટીવી શોમાં આમિરે ધર્મના કારણે થતા વિરોધ અને હુમલાની ટીકા કરવાની સાથે આવા લોકોના મુલ્યો અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યા હતા. આમિરે કહ્યું, ''તમે સામાન્ય લોકોને નિશાન બનાવી રહ્યા છો, તમે લોકોના પરિવાર પર ગોળીઓ ચલાવો છો. ત્યાં હું પણ હોઈ શકું છું, તમે પણ હોઈ શકો છો. અને તમે એમના ધર્મ પુછીને તેમના પર ગોળીઓ ચલાવો છો. તેનો શું મતલબ છે?'' આગળ આમિરે ભારપૂર્વક કહ્યું, ''હવે થાય છે એવું કે હું સોશિયલ મીડિયા પર નથી. કોઈ પણ ઘટના બને તો લોકો ત્યાં દરેક સેકન્ડે કંઈ પણ કહ્યાં કરે છે. હું પણ એ વિશે વાત કરતી હોઉં છું. જ્યારે હું એ ફંક્શનમાં ગયો, મને પહેલગામ હુમલા વિશે પુછાયું હતું. ત્યારે મારો જવાબ બિલકુલ સ્પષ્ટ હતો. આ હુમલો માત્ર આપણા દેશના લોકો પર હુમલો નથી. આ આપણા દેશની એકતા પર હુમલો છે.''આગળ આમિરે સ્પષ્ટતા કરતા ફિલ્મ પ્રોશનની દૃષ્ટિએ આપણી સેનાને સહકારની વાત ન કરવી જોઈએ એવું પણ કહ્યું, ''જુઓ, આપણી સેનાએ, આપણા બહાદુર જવાનોએ જે જવાબ આપ્યો છે – એ માટે, જો હું એમના ટેકામાં કોઈ જવાબ આપું, તો હું કંઈ ખોટું કરું છું? ત્યારે હું મારી ફિલ્મ વિશે વિચાર કરતો હોઈશ કે પછી સૈનિકો વિશે વાત કરીશ? એ વખતે, જો હું એવું વિચારું કે મારી ફિલ્મ આવી રહી છે એટલે મારે ચૂપ રહેવું જોઈએ? હું સેના વિશે હાલ કામ ન કરી શકું. મને લાગે છે, આ ખોટું છે. તેથી મેં તો ખુલીને કહ્યું.''જેવી આમિરે સેનાની તરફેણમાં વાત કરી કે તરત આમિરની ફિલ્મનું ટ્રેલર લોંચ થયું, આ ટાઈમિંગ વિશે પ્રશ્ન પૂછતાં આમિરે કહ્યું, ''ખરેખર તો અમારી ફિલ્મનું ટ્રેલર બહુ પહેલાં લોંચ થવાનું હતું. પરંતુ પહલગામ હુમલાને કારણે અમે ટ્રેલર લોંચની ઈવેન્ટ પોસ્ટપોન કરી હતી.'' આગળ આમિરે કહ્યું કે હુમલાને કારણે તેમણએ પોતાની ફિલ્મ અંદાઝ અપના અપનાનું પ્રિમિયર પણ કેન્સલ કરવું પડ્યું હતું.આમિરે તેની જુની તૂર્કીયેના રાષ્ટ્રપતિ અને તેમના પત્નીની મુલાકાત અને તેના કારણે થયેલા વિરોધ અંગે પણ આમિરે સ્પષ્ટતા કરી હતી. આમિરે કહ્યું, ''ટર્કીએ બહુ ખોટું કર્યુ છે અને દરેક ભારતીય તેના કારણે દુઃખી થયા છે. તેમને પહેલી મદદ કોણે કરી હતી? ભારતે તેમને સૌથી પહેલી મદદ કરી હતી. આપણી સરકારે તેમને પહેલી મદદ કરી હતી. હું જ્યારે પહેલી વખત એર્ડોગનને મળ્યો ત્યારે આ વાત મને પણ ખબર નહોતી, જે રીતે સરકારને પણ કંઈ ખબર નહોતી, મને પણ નહોતી ખબર કે સાત વર્ષ પછી એ લોકો આવું કરશે.'' જ્યારે તેમના પત્ની સાથેની તસવીર અંગે આમિરે કહ્યું કે, ''એ તો એનાથી પણ જુની તસવીર છે.''આમિરે કહ્યું એ મીટિંગ વખતે એમની હાજરી રાજકીય નહીં પણ એક જાણીતી વ્યક્તિ તરીકે હતી. ''જુઓ, એવું બને છે કે એક જાણીતી વ્યક્તિ તરીકે, એક કલાકાર તરીકે હું જ્યારે કોઈ બીજા દેશમાં જાઉં છું, તો હું દેશનો પ્રતિનિધિ હોઉં છું.

૧૭૩ વીજ ફીડર બંધ થયા : ૯ પોલ ધરાશાયી

# જામનગર જિલ્લામાં પડેલા વરસાદના કારણે ૪૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો

**વીજ તંત્ર દ્વારા ૧૩ ગામમાં રાત્રી દરમિયાન વિજ પુરવઠો શરૂ કરી દેવાયો હતો, જ્યારે બાકીના ૩૬ ગામોમાં અત્યારે સમાર કામની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે**

જામનગર,તા.૧૭

જામનગર જિલ્લામાં ગઈકાલે રાત્રે પડેલા પ્રથમ વરસાદના કારણે વિજ તંત્રને પણ અસર થઈ હતી, અને ગઈકાલે ૪૯ ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. કુલ ૧૭૩ વીજ ફીડરો બંધ થયા હતા, જયારે ૯ વિજ પોલ ધરાશાયી થઈ ગયા હતા.

જામનગર જિલ્લામાં ગઈકાલે સાંજથી વરસાદ શરૂ થયો હતો, ત્યારબાદ રાત્રિના સમયગાળા દરમિયાન સમગ્ર જિલ્લાના કુલ ૪૯ ગામમાં પુરવઠો ખોરવાયો હતો. જો કે વીજ તંત્ર દ્વારા ૧૩ ગામમાં રાત્રી દરમિયાન વિજ પુરવઠો શરૂ કરી દેવાયો હતો, જ્યારે બાકીના ૩૬ ગામોમાં અત્યારે સમાર કામની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે, અને એક પછી એક ગામમાં વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવી રહ્યો છે.

સમગ્ર જિલ્લામાં ૧,૧૩૮ ફીડર પૈકી કુલ ૧૭૩ ફીડરમાં પ્રથમ વરસાદ માંજ બંધ થયા હતા જે પૈકીના ૨૧ ફીડર રાત્રે ચાલુ થઈ ગયા હતા, પરંતુ બાકીના ૧૫૨ ફીડર શરૂ કરવા માટે હાલ કામગીરી ચાલી રહી છે. ગઈકાલે રાત્રિ દરમિયાન સમગ્ર જિલ્લામાં કુલ ૯ વીજ પોલ ધરાસાઈ થઈ ગયા હતા, જે પૈકી બે વીજપોલ રાત્રી દરમિયાન ઊભા કરાવી દેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના ૭ વીજકોલમાં સમારકામ માટેની કાર્યવાહી ચાલી રહી છે. ગઈકાલે રાત્રે પડેલા વરસાદ બાદ વિજ તંત્રને રૂપિયા ૧૨ લાખનું નુકસાન થયું છે

દેશભરની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે

# ભરૂચમાં SOG મેગા ઓપરેશન, ૪૪ બાંગ્લાદેશી ઘુસણખોરો પકડાયા

**સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ભરૂચ જિલ્લામાં બીજી વખત ૪૪ બાંગ્લાદેશી ઘુસણખોરોને પકડ્યા છે**

ભરૂચ,તા.૧૭

પહલગામ હુમલા બાદ, દેશભરની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ભરૂચમાં ઘુસણખોરોને શોધવા માટે તંત્રને એક્શન મોડમાં લાવવામાં આવ્યું હતું. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા બાંગ્લાદેશી ઘુસણખોરો સામે મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.ત્યારે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ માં જણાવ્યુ કે ભરૂચ એસઓજી પોલીસે ઝડપી કાર્યવાહીમાં છેલ્લા ૪૮ કલાકમાં ભરૂચ શહેર, અંકલેશ્વર શહેર અને અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાંથી ૪૪ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી છે.જિલ્લામાં સતત બીજા ૪૮ કલાકના ઓપરેશનમાં, કુલ ૭ અલગ અલગ ટીમોએ ભરૂચના વિવિધ વિસ્તારોમાં દરોડા પાડ્યા અને ઘુસણખોરીના આરોપસર કુલ ૪૪ બાંગ્લાદેશી નાગરિકોને પકડ્યા.ધરપકડ કરાયેલા બાંગ્લાદેશીઓમાં ૧૧ પુરુષો, ૧૮ મહિલાઓ અને ૧૫ બાળકોનો સમાવેશ થાય છે. ભરૂચ પોલીસ મુખ્યાલયમાં તમામ વિદેશી નાગરિકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આ લોકો ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશ કરી રહ્યા હતા અને કદાચ ખોટી ઓળખ સાથે રહેતા હતા. આ કાર્યવાહીથી સ્પષ્ટ થાય છે કે સુરક્ષા એજન્સીઓ ઘુસણખોરો સામે કડક વલણ અપનાવી રહી છે અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ સામે સતર્ક કાર્યવાહી કરશે.

સોશિયલ મીડિયાનું એડિક્શન

# રીલ્સ જોઈ વૃદ્ધા પ્રેમમાં પડી, રીપ્લાય નહીં મળતા ડિપ્રેશનમાં આવી

**૬૫ વર્ષીય વૃદ્ધાને દીકરા વહુએ મોબાઈલની એપ ડીલીટ કરી રીલ્સ જોવાનું બંધ કરાવતા વૃદ્ધા ડિપ્રેશનમાં આવી ગઈ હતી**

વડોદરા,તા.૧૭

મોબાઈલના રવાડેચડેલી ૬૫ વર્ષીય વૃદ્ધાને દીકરા વહુએ મોબાઈલની એપ ડીલીટ કરી રીલ્સ જોવાનું બંધ કરાવતા વૃદ્ધા ડિપ્રેશનમાં આવી ગઈ હતી. વડોદરાના માંજલપુર વિસ્તારમાં બનેલા બનાવની વિગત એવી છે કે એક વૃદ્ધ મોબાઈલ ઉપર એક જ વ્યક્તિની જોવા માટે ટેવાઈ ગઈ હતી. તે જાણે તેના પ્રેમમાં પડી હોય તેવી રીતે તેને લાઈક કરી કોમેન્ટ કરતી હતી. રીલ્સ મુકનાર વ્યક્તિ તરફથી કોઈ રિસ્પોન્સ નહીં મળતા વૃદ્ધાનું વર્તન બદલાઈ જતું હતું અને તે ડિપ્રેશનમાં આવી જતી હતી. દીકરા વહુને જાણ થતા મોબાઈલની કેટલીક એપ બંધ કરાવી દીધી હતી. જેથી રિલ્સ જોવા નહીં મળતા વૃદ્ધાએ રાડા રાડ કરી ઝઘડા કરવા માંડ્યા હતા. તેણે જમવાનું પણ બંધ કરી દીધું હતું વૃદ્ધાના બદલાયેલા સ્વભાવથી અને હેરાનગતિથી ત્રાસી ગયેલા દીકરા વહુએ આખરે અભયમની મદદ લેતા વૃદ્ધાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું સાથે સાથે દીકરા વહુને પણ તેમને એકલા નહીં મૂકવા માટે સમજાવવામાં આવ્યા હતા. જેથી હાલ પૂરતી પરિવારને રાહત મળી છે.

# નલિયા મામલતદાર કચેરી પાસે સ્કૂલવાન અને બાઈક વચ્ચે અકસ્માત

કચ્છ,તા.૧૭

કચ્છમાં સ્કૂલવાન અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. નલિયા મામલતદાર કચેરી પાસે અકસ્માતમાં બાઈક ચાલક ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સ્કૂલવાન ખાલી હોવાથી દુર્ઘટના ટળી હતી. અકસ્માત થતા લોકના ટોળાં ભેગા થયા હતા. બાઈક ચાલક સ્કૂલવાન સાથે એટલો જોરથી ટકરાયો કે વાનના આગળના ભાગને નુકસાન થયું હતું.નલિયા મામલતદાર કચેરી પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મામલતદાર કચેરી પાસે સ્કૂલવાન અને બાઈક વચ્ચેના અકસ્માતમાં કોઈ મોટી જાનહાની થઈ નથી. સ્કૂલવાન ખાલી હોવાના કારણે મોટી દુર્ઘટના થતી અટકી હતી. અકસ્માત થતા લોકોના ટોળાં ભેગા થયા હતા.બાઈક અને સ્કૂલવાન વચ્ચે અકસ્માત થતા બાઈક ચાલક રોડ પર ઢસડાયો હતો. સ્થાનિક લોકો દ્વારા ઘાયલ બાઈક ચાલકને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.સ્કૂલવાનમાં બાળકો ન હોવાથી મોટી જાનહાની થતા ટળી હતી. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈરાન ઈઝરાયલ વચ્ચે તણાવ વધ્યો

# ઈઝરાયલની ગુપ્ત એજન્સી મોસાદનું હેડક્વાર્ટર ધ્વસ્ત

ઈરાન,તા.૧૭

મિડલ ઈસ્ટમાં હમાસ બાદ ઈઝરાયલનું ઈરાન સાથેનું યુધ્ધ ફરી શરૂ થયુ છે. બંને દેશોની લડાઈને લઈને આખી દુનિયા ચિંતામાં છે. ઈઝરાયલી હુમલાના જવાબમાં ઈરાન પણ પલટવાર કરી રહ્યું છે. આ વચ્ચે ઈરાને ઈઝરાયલની ખુફીયા એજન્સી મોસાદના હર્જલિયામાં આવેલા હેડ ક્વાટર્રને ધ્વસ્ત કરી નાખ્યું છે. તેહરાનના મિડીયાએ આ દાવો કર્યો છે. ઈરાને ઈઝરાયલની ગુપ્ત એજન્સી મોસાદને ટાર્ગેટ કરી છે અને તેના મુખ્યાલયને ધ્વસ્ત કરી નાખ્યું છે. આ લઈને એક વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો છે. જેમાં હુમલા પછી આકાશમાં ઉઠતા ધુમાડાના ગોળા જોવા મળી રહ્યા છે. જેને લઈને તેહરાનના મિડીયા સંગઠનોએ દાવો કર્યો છે કે હર્જલિયાના મુખ્યાલય પર મિસાઈલો છોડવમાં આવી હતી. જો કે ઈરાનના દાવા પર ઈઝરાયલની કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પાંચમાં દિવસે પણ યુદ્ધ શરૂ છે. ઈરાને મંગળવારે તેલ અવીવમાં ઈઝરાયલની ગુપ્ત એજન્સી મોસાદના હેડક્વાર્ટર પર હુમલો કર્યો છે.આ સિવાય મિલિટ્રી ઈન્ટેલિજન્ટ્સ સાથે જોડાયેલી ખુફિયા એજન્સી અમનની બિલ્ડીંગને પણ નિશાન બનાવી છે. માર્યા ગયા ટોપ કમાન્ડરમાં મંજર જનરલ અલી શાદમાની પણ હતા.




## અમરેલી જિલ્લામાં પડેલ અનરાધાર વરસાદે ચિંતા વધારી દીધી

# ઉંટીયા–રાજપરડા માર્ગ ઉપર કાર ડૂબી જતાં વેપારીનું મોત

**રાજુલા માર્કેટયાર્ડનાં વેપારી ગાંજાવદર ગામેથી સવારે કારમાં જવા રવાના થયા અને પુલમાં ફસાયા**

**પાણીથી છલોછલ પુલ વચ્ચે મસમોટો ભુવો હોય કાર પરનો વેપારીએ કાબુ ગુમાવ્યો**

**કાર પુલમાં ફસાઈ જતાં મહામુસીબતે કારને બહાર કાઢવામાં આવી**

**ભારે વરસાદ માર્ગ–મકાન વિભાગની અવારનવાર પોલ ખોલી રહ્યો છે**


તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૭

રાજુલા પંથકમાં ભારે વરસાદના કારણે નદીઓ, તળાવોમાં પૂરની સ્થિતિ હતી. રાજુલા તાલુકાના ગાંજાવદર ગામનાવતની માર્કેટિંગયાર્ડના વેપારી ભગવાનભાઈ લાખાભાઈ વાઘ વતનથી વહેલી સવારે આવતા હતા. આ દરમ્યાન ઉંટીયા–રાજપરડા વચ્ચે પુલ આવેલ છે આ પુલ પર પાણી વહેતું હતું ત્યારે સ્વીફટ કાર ભગવાનભાઈ લઈ નીકળતા પુલ વચ્ચે મોટો ભુવો પડતા કાર ડૂબી પાછળ એક છોકરો પસાર થતા ગ્રામજનોને જાણકારી આપી. આસપાસના ગામડાના લોકો મોટી સંખ્યામાં એકત્ર થયા અને ભગવાનભાઈ વાઘની મૃત લાશ બહાર કાઢવામાં આવી હતી. ત્યારબાદ પીએમ માટે રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવતા પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર સહિત આહીર સમાજના આગેવાનો હોસ્પિટલે દોડી ગયા હતા. પુલ નીચે કાર ફસાઈ જવાના કારણે સ્થાનિક લોકોની મદદથી તંત્ર દ્વારા બે જેસીબી મારફતે પુલ વચ્ચેથી તોડી કારને કલાકો બાદ બહાર કઢાવવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા તંત્રની કામગીરી સામે રોષ વ્યકત કર્યો હતો. તંત્ર દ્વારા કોઈ મદદ સમયસર પહોંચાડી ન હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

ઘટના સ્થળે રાજુલા મામલતદાર હરેશ પુરોહિત, તાલુકા વિકાસ અધિકારી સરવૈયા સહિત દોડી આવ્યા હતા અને મામલતદાર હરેશ પુરોહિતએ જણાવ્યું હતું કે આ માહિતી મળ્યા બાદ અમે તાત્કાલીક દોડી આવ્યા હતા અને બહાર કાઢવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ. ત્યારે રાજુલા મામલતદારએ જણાવેલ કે આ ઘટના વહેલી સવારની હતી પરંતુ તંત્રને આ જાણ સવારે ૮:૨૫ આજુબાજુ થતા અમે અમારી ટીમ સાથે દોડી આવેલા. ત્યારે આ સમાચાર ડુંગર પોલીસને મળતા ડુંગર પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવેલી.

### અકસ્માતે સાડીનાં છેડે આગ લાગી

## વડિયાનાં દેવળકી ગામની મહિલાનું દાઝી જવાથી મોત થયું

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૭

વડિયા તાલુકાના દેવળકી ગામે રહેતા જયાબેન મનજીભાઈ સોંદરવા નામના ૫૫ વર્ષિય મહિલા ગત તા. ૭ સવારનાં ૬ વાગ્યાનાં સમય દરમિયાન પોતાના ઘરે હતા. ત્યારે અકસ્માતે તેમણે પહેરેલ સાડીના છેડે આગ લાગતા તેઓ દાઝી જતાં શરીરે દાઝી જતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સરપંચે આરએફઓની મદદ માંગી

## સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડા ગામે સિંહણનાં આંટાફેરાથી ફફડાટ

**સિંહણને ઝડપી લેવા માંગ કરાઈ**

સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડા ગામના સરપંચે આરએફઓને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મોટા ઝીંઝુડા ગામે થોડા દિવસથી સિંહણ ત્યા તેમનાં બચ્ચા સાથે ગામમાં રાત્રીના સુમારે અવાર–નવાર દેખાઈ આવે છે. વધુમાં તા. ૧૬/૬/૨૫ના રાત્રીના સમયે આ સિંહણ દ્વારા ગામમાં રેઢીયાર વાછરડો–૧ તથા એક ગાયને ઘાયલ કરી નાખી વાછરડાનું મારણ કરેલ છે. વધુમાં આ સિંહણ અવાર–નવાર



ગામમાં આવી જની હોય ભયનો માહોલ ફેલાયેલ હોય ત્યા માનવ મૃત્યુની દહેશત ફેલાયેલી હોય આ પ્રાણીને પકડી લેવા ઘટતુ કરવા અંતમાં માંગ કરેલ છે.

### પોલીસ ફરિયાદ કેમ કરીને કરી માથાકુટ

## બગસરામાં ૧૦ મહિના પહેલા પોલીસ ફરિયાદ કરવા બદલ બઘડાટી બોલી

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૭

બગસરા ગામે રહેતા અબ્દુલભાઈ હબીબભાઈ કાળવાતર નામના ૪૯ વર્ષિય આધેડના દીકરા ફારીજએ સામાવાળા મુસ્તફા વિરૂધ્ધ આશરે દસેક મહિના પહેલા પોલીસ ફરિયાદ કરેલ હોય. જેનું મનદુઃખ રાખી મુસ્તફા ઈલ્યાસ કાળવાતર સહિત ૧૦

અનુસંધાન પાના ૬ ઉપર

### સમગ્ર પંથકનાં ખેડૂતોએ વાવણીનાં શ્રી ગણેશ કર્યા

## બાબરા પંથકમાં ર દિવસમાં ધીમી ધારે પાંચ ઈંચ જેટલો વરસાદ પડતા ખૂશીનો માહોલ

**નાની કુંડળ નજીક કોઝવેમાં કાર ફસાતા બચાવી લેવાઈ**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૭

બાબરા તાલુકામાં તા. ૧૬ અને ૧૭ બે દિવસ સતત ધીમી ધારે વરસાદ પડતા સ્થાનિક નદીઓમાં પુર આવ્યા હતા તેમજ કોઝવે અને અન્ય નાળા પણ છલકાય ગયા હતા. સારામાં સારો અને ધીમી ધારે વરસાદ પડતા ખેડૂતોમાં ખૂશીની લાગણી પ્રસરી ગઈ હતી.

બાબરામાં ગત મધરાતે નાની કુડળ ગામે એક અર્ટિકા કાર કલ્પેશભાઈ ચૌહાણ તેમજ તેનો દીકરો અને મિત્ર સાથે રાજકોટ જવા નીકળ્યા હતા ત્યારે અહી નાની કુંડળના કોઝવેના ધસમસતા

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)